॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી
વ્યાખ્યાયિત

ઉપાસનાનું અમૃત

-: પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP), અમદાવાદ

પ.પૂ. પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી
વ્યાખ્યાયિત

ઉપાસનાનું અમૃત

- પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP), અમદાવાદ

- આવૃત્તિ : તૃતીય
- પ્રત : ૨૦૦૦
- વેચાણ કિંમત : રૂા. ૧૦/- (સૌજન્યને આભારી)
- પ્રાપ્તિસ્થાન : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ડ્રાઈવઈન રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
  ફોન : (૦૭૯) ૨૭૯૧ ૨૫૯૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૯૬
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, (SGVP), અમદાવાદ
  ફોન : (૦૨૭૧૭) ૨૪૨ ૧૪૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૩૮
- મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ, અમદાવાદ
  ફોન : (૦૭૯) ૨૬૪૨ ૧૦૦૮, મો. ૯૮૨૫૮૫૦૫૫૯

સદ્ગુરુ વંદના મહોત્સવ

અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પાવનકારી સ્મૃતિમાં આયોજીત 'સદ્ગુરુ વંદના મહોત્સવ'ના ઉપક્રમે **ઉપાસનાનું અમૃત** પુસ્તક આપ સમક્ષ પ્રસ્તુત કરતા આનંદ અનુભવીએ છીએ.

નવધા ભક્તિમાં શ્રવણભક્તિનું પ્રથમ સ્થાન છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના જીવનકાળ દરમિયાન મુમુક્ષુઓનું પોષણ કરવા અખંડ કથાવાર્તાના અખાડા સ્થાપ્યા હતા.

કથાવાર્તાના જોગથી મુમુક્ષુઓના હૃદયમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું પોષણ થતુ રહે છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દ્વારા સ્થાપીત ગુરુકુલ પરંપરામાં કથાવાર્તાનો જોગ અવિરત ચાલતો રહ્યો છે. તેમા પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી દ્વારા

મુમુક્ષુઓનું સર્વ પ્રકારે પોષણ કરનારી કથાવાર્તાનો પ્રવાહ અવિરત વહેતો રહ્યો છે.

સદ્‌ગુરુઓના અશિર્વાદ અને ગહન મનન ચિંતન વડે હરિસ્વરુપ સ્વામીએ અબાલવૃદ્ધ સહુને આકર્ષે તેવી વાણી કેળવી છે. આજે ન કેવળ સ્વામિનારાયણ સંપ્રદાય પરંતુ સારોએ સમાજ હરિસ્વરુપ સ્વામીને સાંભળતો થયો છે. હજારો યુવાનોનું ઘડતર હરિસ્વરુપ સ્વામીની કથાવાર્તા દ્વારા થઈ રહ્યું છે.

હરિસ્વરુપ સ્વામીના પ્રવચનો ગ્રંથરુપે પ્રકાશીત થઈ ઘરે ઘરે પહોંચે અને મુમુક્ષુઓનું સર્વ પ્રકારે પોષણ થાય તેવા શુભાષયથી આ પુસ્તક પ્રકાશીત કરીએ છીએ.

આ ગ્રંથની બે આવૃત્તિની તમામ નકલો પૂર્ણ થતા ભક્તજનોની લાગણી અને માગણીને માન આપી આ તૃતીય આવૃત્તિ પ્રકાશીત કરવામાં આવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં ટાઈપ સેટીંગ, પ્રુફ રીડીંગ
વગેરેમાં સહભાગી થનાર તમામ ઉપર ભગવાન
શ્રીહરિની અત્યંત કૃપા વરસે. એ જ શુભ
કામના સાથે,

- સ્વામી માધવપ્રિયદાસજી

ભૂમિકા

લોક અને શાસ્ત્રમાં ઉપાસના શબ્દ અતિપ્રસિદ્ધ છે. ઉપાસનાનો શાબ્દિક અર્થ છે કોઈ પણ જાતના અંતરાય વિના ઈષ્ટદેવનું સાંનિધ્ય માણવું. લોકમાં સામાન્ય રીતે સેવા, પૂજા અને અર્ચનાને ઉપાસના માનવામાં આવે છે.

ઉપનિષદો અને બ્રહ્મસૂત્રો પુરુષોત્તમનારાયણના મહાત્મ્યજ્ઞાનને ઉપાસના કહે છે. ઉપનિષદો અને બ્રહ્મસૂત્રોમાં જ્ઞાન અને ઉપાસના શબ્દો વારંવાર પર્યાયરૂપે પ્રયોજાયા છે.

આ માહાત્મ્યજ્ઞાનમાં પણ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણને સદા દિવ્ય સાકારમૂર્તિ સમજવા એ મુખ્ય વાત છે. માટે જ ભગવાન સ્વામિનારાયણ ગ. પ્ર. ૪૦મા વચનામૃતમાં "ભગવાનના સ્વરૂપમાં સદા સાકારપણાની દૃઢનિષ્ઠા"ને ઉપાસના કહે છે.

પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ... સર્વ કર્મફલપ્રદાતા છે,
સર્વ કર્તા છે, સર્વ કારણના કારણ છે,
સર્વ દેવોના દેવ છે, સર્વ ઈશ્વરોના ઈશ્વર છે,
સર્વ અવતારોના અવતારી છે, સર્વોપરી છે,
સર્વ સદ્‌ગુણોના સાગર છે.
સર્વ સુખના ધામ છે અને સદા દિવ્ય સાકારમૂર્તિ છે.
આવો મહિમા સમજવો તે ઉપાસનાનું હાર્દ છે.

ઉપાસના ભક્તિનું અભિન્ન અંગ છે. એક મહાનદી બીજી મહાનદીમાં મળીને સંગમ રચે તેમ ઉપાસના ભક્તિરૂપી મહાનદીમાં મળીને સંગમ રચે છે બંને મહાનદીઓ આખરે એક જ સિંધુમાં સમાય તેમ ઉપાસના અને ભક્તિ શ્રીહરિના સ્વરૂપમાં સમાઈ જાય છે. ભક્તિ ભગવાન સાથેના મંગલ લગ્ન છે તો ઉપાસના લગ્ન પહેલાની અનિવાર્ય અને આવશ્યક વિધિ છે.

એ વિધિ એટલે વરનું વરણ (પસંદગી).

એ વિધિ એટલે! સોહાગણ-સતી-સુંદરી દ્વારા પતિની પસંદગી.

જેમ કન્યા રૂપ, ગુણ અને ઐશ્વર્યનો વિચાર કરી પ્રેમપૂર્વક પતિને પસંદ કરે છે એ જ રીતે પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનો સર્વોપરી મહિમા સમજીને તેમનું ઈષ્ટદેવ તરીકે વરણ કરવું તેનું નામ છે ઉપાસના.

એટલે જ બ્રહ્માનંદ સ્વામી ગાય છે કે :

“વરવા જેવા એક વનમાળી,
પરણું તો વર પુરુષોત્તમ પરણું, નહિ તો કુંવારી મરું રે...સખી”

ઉપાસના અને ભક્તિ એક બીજા સાથે અભિન્નપણે જોડાયેલા હોવાથી કોઈ એક સ્થળે ભક્તિના અર્થમાં ઉપાસના અને ઉપાસનાના અર્થમાં ભક્તિનો પ્રયોગ જોવા મળે છે. જેમ કોઈ સતી નારી પોતાના પતિને જ સર્વસ્વ અને સર્વોપરી માની આરાધે છે એ જ રીતે શ્રીહરિને સર્વોપરી અને સર્વસ્વ માની અનન્ય ભાવે આરાધવા એનું નામ છે ભક્તિ અને ઉપાસનાનો પવિત્ર સંગમ.

જગતમાં અનેક દેવ-દેવતા-ઈશ્વરોની ઉપાસનાઓ પ્રસિદ્ધ છે.

પરંતુ વેદો અને સત્‌શાસ્ત્રોમાં ઉદ્‌ઘોષ છે કે,

"પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જ પરમ ધ્યેય છે, પરમ ઉપાસ્ય છે, પરમ પ્રાપ્ય છે અને પરમ વરણીય છે. એ સિવાય બીજું કોઈ ધ્યેય-ઉપાસ્ય-પ્રાપ્ય કે વરણીય નથી."

સર્વ સત્‌શાસ્ત્રોનાં સિદ્ધાંત પ્રમાણે જીવ, ઈશ્વર, અક્ષરબ્રહ્મ વગેરે સર્વથી પાર અને સર્વના કારણ, સર્વોપરી એવાં પુરુષોત્તમનારાયણ જ સર્વના શ્રેષ્ઠ ઉપાસ્ય છે. જીવથી લઈને અક્ષરબ્રહ્મ પર્યંત ચેતન આત્માઓ પુરુષોત્તમનારાયણના દાસ છે.

અનંત બ્રહ્માંડોનાં ધારક સચ્ચિદાનંદસ્વરૂપ અને મહાસમર્થ એવાં અક્ષરબ્રહ્મ પણ પૂર્ણ પુરુષોત્તમનારાયણની દાસભાવે ઉપાસના કરે છે. સર્વ સાધનોમાં ભક્તિ અને ઉપાસના શિરોમણી છે. ભક્તિ હૃદય છે અને ઉપાસના મસ્તક છે. શરીરના હાથ-પગ વગેરે અવયવોમાં કદાચ કંઈક ખામી હોય તો ચાલે પણ હૃદય કે મસ્તકમાં ખામી રહે તે ન ચાલે. માટે ઉપાસના શુદ્ધ જોઈએ અને ભક્તિ પતિવ્રતા નારી જેવી હોવી જોઈએ.

જે જીવ જેવી ઉપાસના કરે છે તેવું તેને ફળ પ્રાપ્ત થાય છે. દેવી-દેવતાઓ-ઈશ્વરો કાળ-કર્મ અને માયાને આધીન છે માટે તેમની ઉપાસનાનું ફળ અલ્પ છે.

પુરુષોત્તમનારાયણ કાળ-કર્મ અને માયાથી પર છે. કાળ, કર્મ અને માયા પુરુષોત્તમનારાયણને આધીન છે. પુરુષોત્તમનારાયણ અક્ષરબ્રહ્મ આદિ સર્વના સ્વામી છે માટે તેમની ઉપાસનાનું ફળ અપરિમિત છે.

મોટા સદ્‌ગુરુઓએ પુરુષોત્તમનારાયણની ઉપાસનાનો મર્મ સમજાવતા કહ્યું છે કે, "પુરુષોત્તમનારાયણને જેવા જાણે તેવો પોતે થાય." પુરુષોત્તમનારાયણને ઈતર દેવી-દેવતા કે ઈશ્વર જેવા જાણે તો તે ભલે પુરુષોત્તમનારાયણની જ ઉપાસના કરતો હોય પણ અપરિમિત ફળને પામી શકતો નથી. તેથી પુરુષોત્તમનારાયણને સર્વોપરીભાવે તેમજ સર્વઅવતારી ભાવે આરાધવા એ જ ઉપાસનાનો મર્મ છે.

ધ્યાન અને ઉપાસના વચ્ચે એક સૂક્ષ્મ ભેદ પણ સમજી લેવો જરૂરી છે. પરમ ધ્યેય પુરુષોત્તમનારાયણ જ છે, છતાં પણ સલીલ ધ્યાન અને સપાર્ષદ ધ્યાનમાં સેવકરૂપે અન્ય મુક્તોનું કે ભક્તોનું સ્થાન છે, જ્યારે ઉપાસનામાં પુરુષોત્તમનારાયણ સિવાય બીજા કોઈનું સ્થાન શક્ય નથી; કારણ કે ઉપાસના તો સતી નારીના 'પતિવરણ' જેવી પ્રક્રિયા છે. જેમાં પતિ સિવાય બીજા કોઈનું સ્થાન શક્ય જ નથી.

સત્સંગમાં ઘણી જગ્યાએ સેવા અને ઉપાસનાનો અર્થ એક માનવમાં આવે છે પરંતુ સેવા અને ઉપાસના વચ્ચે આકાશ-પાતાળનું અંતર છે. જે રીતે પતિવ્રતા નારી ઘરે આવેલા અતિથિઓની ભાવથી સેવા કરે છે પરંતુ અનન્યભાવે આરાધના તો એકમાત્ર પોતાના પતિની જ કરે છે. તે જ રીતે સેવા, પૂજા, અર્ચન તો બધાનું થાય અને સાચા સંતની સેવા તો બધા કરતાં વિશેષ આદરથી થાય પરંતુ પતિવ્રતાભાવે ઉપાસના તો એકમાત્ર પુરુષોત્તમનારાયણની જ થાય પણ બીજા કોઈની નહીં.

પુરુષોત્તમનારાયણ એ પુરુષોત્તમનારાયણ જ છે પણ અન્ય

અક્ષરાદિક મુક્તો કોઈ એની તોલે આવી શકતા નથી.

વૃક્ષને લીલું રાખવા માટે મૂળમાં પાણી સિંચવું આવશ્યક છે પણ પાંદડે પાણી રેડવાથી વૃક્ષ લીલું ન રહે. પુરુષોત્તમનારાયણ મૂળ છે અને અક્ષરબ્રહ્માદિક મુક્તો પાંદડાંઓ છે. ઉપાસના મૂળના સિંચન માટે છે, પાંદડે પાણી રેડવા માટે નથી.

પુરુષોત્તમનારાયણ અને મુક્તોની સેવા-પૂજા વિષે પણ એક વિવેક સમજવા જેવો છે. શ્રીહરિની સેવા-પૂજા અને અક્ષરબ્રહ્માદિ અન્ય મુક્તોની સેવા-પૂજામાં આકાશ-પાતાળનું અંતર છે. એક ગુણાતીતાનંદસ્વામીની સેવા કરે તો માત્ર એમની જ સેવા થઈ કહેવાય. એક ગોપાળાનંદસ્વામીની સેવા કરે તો એક ગોપાળાનંદસ્વામીની જ સેવા થઈ કહેવાય. પણ જેમ સાગરમાં સરિતાઓ સમાય તેમ પુરુષોત્તમનારાયણની સેવામાં તો હજારો ગુણાતીતાનંદસ્વામી અને હજારો ગોપાળાનંદસ્વામી અને અનંત મુક્તોની સેવા-પૂજા સમાઈ જાય.

વેદો અને સત્‌શાસ્ત્રોએ જે સર્વોપરી પુરુષોત્તમનારાયણનું સ્તવન કર્યું છે, એ જ પુરુષોત્તમનારાયણે ધર્મભક્તિને ઘેર ભગવાન શ્રીસ્વામિનારાયણરૂપે અવતરણ કર્યું છે. શાસ્ત્ર પ્રતિપાદિત પરોક્ષ સ્વરૂપ અને ધર્મ-ભક્તિનાં આંગણાંમાં વિચરતું પ્રત્યક્ષસ્વરૂપ એ બે વચ્ચે સહેજ પણ ભેદ નથી.

ભગવાન શ્રીહરિ ઐહિક લીલાઓ સંકેલી અંતર્ધ્યાન થવાના હતા તે પહેલા વડતાલમાં સ્વહસ્તે પોતાનું ‘‘હરિકૃષ્ણ’’સ્વરૂપ પધરાવી આશ્રિતોને આજ્ઞા કરી, ‘‘અમારું શરીર આ પૃથ્વી ઉપર ન હોય

ત્યારે આ હરિકૃષ્ણ મહારાજની ઉપાસના કરજો. એમાં અને અમારામાં રોમ માત્રનો ભેદ નથી. એની સેવા એ અમારી સેવા, એની ઉપાસના એ અમારી ઉપાસના, એનું ધ્યાન એ અમારું ધ્યાન છે.''

ભગવાન જ્યારે અવતારસ્વરૂપે સદેહે હાજર ન હોય ત્યારે સાધકોએ અર્ચાસ્વરૂપનું ધ્યાન અને ઉપાસન કરવું પરંતુ ગમે તેવા સમર્થ હોય તો પણ બ્રહ્મનિષ્ઠ ગુરુઓનું ધ્યાન-ઉપાસન ન કરવું.

ગુરુઓનું સેવન જરૂરી છે, પણ તે પરમ ધ્યેય કે ઉપાસ્ય સ્વરૂપ શ્રીહરિનો મહિમા સમજવા માટે છે પણ ધ્યાન કે ઉપાસના માટે નથી.

સર્વ સત્‌શાસ્ત્રો અને વચનામૃતના હાર્દ સમાન આ ઉપાસના તત્ત્વને પુરાણીશ્રી હરિસ્વરૂપદાસજીએ ''ઉપાસનાનું અમૃત'' કેસેટમાં રસાળ શૈલીથી સમજાવેલ છે. જૂનાગઢ ખાતે શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૪૧મા પાટોત્સવ પ્રસંગે ગુણાતીત સભામંડપમાં ''ઉપાસનાનું અમૃત'' વિષે એમણે આગવી શૈલીથી મનનીય વ્યાખ્યાન આપેલ. ઉપાસનાની શુદ્ધિ અને દૃઢતા માટે આ વ્યાખ્યાન પુસ્તકસ્વરૂપે પણ પ્રસિદ્ધ થાય એવી ભક્તિજનોની હૃદયની માગણી હતી. પરિણામે 'ઉપાસનાનું અમૃત' આ પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે.

અમને દૃઢ વિશ્વાસ છે કે ઉપાસનાની શુદ્ધિ અને દૃઢતા માટે આ પુસ્તક સર્વ મુમુક્ષુઓ માટે અત્યંત માર્ગદર્શક બનશે.

- શાસ્ત્રી માધવપ્રિયદાસના જય સ્વામિનારાયણ

ઉપાસનાનું અમૃત

પુરાણોમાં સાગરમંથનની કથા છે. દેવતાઓએ અને અસુરોએ સાથે મળીને ક્ષીરસાગરનું મંથન કર્યું, ૧૪ રત્નો નીકળ્યાં. પ્રથમ હળાહળ વિષ નીકળ્યું અને અંતમાં અમૃત નીકળ્યું. અમૃત નીકળતાંની સાથે જ અસુરો અમૃતનો કુંભ લઈને ભાગ્યા. દેવતાઓ મોં વકાસીને રહી ગયા. એ વખતે ભગવાન વિષ્ણુએ મોહિનીસ્વરૂપ ધારણ કર્યું. ભગવાન સ્વયં જ્યારે મનમોહન મોહિની બને ત્યારે શું કહેવાનું હોય...?! રૂપ જોતાં જ તમામ અસુરો મુગ્ધ બની ગયા, એક ઘડી થંભી ગયા. એમનાં નેત્રો સ્થિર થઈ ગયાં. બધા અસુરો ધીમેથી એમને ઘેરી વળ્યા છે. મોહિનીજીને એમણે પ્રશ્ન કર્યો. (ઘણા પ્રશ્નો કર્યાં) પણ પહેલો પ્રશ્ન પૂછ્યો કે, "તમે પરણેલા છો કે કુંવારા ?" પ્રશ્ન પૂછાય પણ એની મર્યાદા હોય - ઔચિત્ય હોય, સીધે સીધો આવો પ્રશ્ન ન પૂછાય. પરંતુ... कामातुराणां न लज्जा ।

એક જણો સિટીબસનો સ્ટેન્ડ ઉપર ઊભો હતો. એમાં એની બાજુમાં એક મહિલા આવીને ઊભી રહી. થોડી વાર એની સામે ટગર-ટગર જોઈને પેલો કહે કે, "મેં તમને ક્યાંક જોયાં હોય એવું લાગે છે. હું તમને ઓળખતો હોય તેવું લાગે છે." એટલે પેલી મહિલા કહે, "હા, તમે મને જરૂર ઓળખતા હશો ને મળ્યા પણ હશો, કારણ કે સામે જે ગાંડાની હૉસ્પિટલ છે ત્યાં હું નર્સ છું. એટલે ત્યાં તમે મળ્યા હશો." દુનિયામાં પાગલ લોકો પણ ન પૂછે "પરણેલા છો કે કુંવારા ?"

મોહિની કહે છે કે, "હું તો સદૈવ કુંવારી છું !" અસુરો (રાજી થઈને) કહે, "ખૂબ સરસ." આમ, એક પછી એક પ્રશ્ન પૂછતા જાય છે ને એમાં અસુરો એવા લુબ્ધ બની ગયા, એવા મોહાંધ બન્યા કે, એમના હાથમાં રહેલો અમૃતકુંભ ક્યારે મોહિનીના હાથમાં અપાઈ ગયો તેનું ભાન ન રહ્યું. આનો અર્થ શું છે ? માણસ જ્યારે વિષયોમાં, કામાંધ સ્થિતિમાં, દોષોમાં લુબ્ધ થાય છે ત્યારે જીવનનું જે અમૃત છે એ હાથમાંથી ઝૂંટવાઈ જાય તેની ખબર રહેતી નથી. સંપત્તિ, સુખ-શાંતિ, સુખ-ચૈન, જીવનમાંથી ક્યારે ઊડી જાય તેની ખબર રહેતી નથી. અસુરો ખૂંખાર હોવા છતાં પણ મોહિની આગળ સાવ રાંક બની ગયા !

એક વાર કાકો ને ભત્રીજો મે'માનગતિએ ગયેલા. ઘરધણીને ઘરે ફળિયામાં ઢોલિયા ઉપર બેઠા. ઘરધણીને એક યુવાન દીકરી હતી. વ્યાવહારિક વાતો કરતા કરતા ઘરધણીએ કહ્યું કે, "કોઈક ગરીબ સ્વભાવનો મૂરતિયો દેખાય તો અમારે અમારી દીકરીના હાથ પીળા કરી નાખવા છે !" ત્યાં તો ભત્રીજો ઢોલિયા ઉપરથી ઊતરીને હેઠો બેસી ગયો. મોઢું ગરીબડું કરી દીધું. રોવા જેવો થઈ ગયો. ત્યારે ઘરધણી બોલ્યા કે, "એમ અમારે તાજા ગરીબને નથી દેવી !"

એક જણાના બાપુજી ગુજરી ગયા એટલે એના મિત્રને પૂછ્યું, "તમારા બાપુજી ગુજરી ગયા, તે પહેલાં તમને કાંઈ કહેતા ગયા હતા, કાંઈ ભલામણ કરી હતી ?" પેલા કહે, "બાપાએ હોઠ ફફડાવ્યા પણ બા પાસે બેઠા'તા એટલે કાંઈ બોલી ન શક્યા !"

ગમે તેવા મોટા હોય, પરંતુ સ્ત્રી આગળ લાચાર છે. રામાયણમાં તુલસીદાસજી કહે છે કે, “દશરજી મહારાજ કૈકેયી આગળ લાચાર થઈ જાય છે.”

અસુરો મોહિનીનું રૂપ જોઈ રાંક જેવા થઈ ગયા. મોહિનીએ પૂછ્યું કે, “અહિંયા કેમ આવ્યા છો ?”

અસુરોએ કહ્યું, “અમે ક્ષીરસાગરનું મંથન કર્યું તેમાંથી આ અમૃતનો કુંભ નીકળ્યો છે. હવે તમે એમ કરો, આ તમારા હાથે જ અમને પીવડાવો !” મોહિની કહે, “તમે એકલાએ જ મંથન કર્યું હતું ?”

“ના, એમ તો દેવતાઓ પણ સાથે હતાં.”

“હં... એટલા માટે ઝઘડતા હોય તેવું લાગે છે.”

“હા, એ પ્રશ્ન છે.”

“તો ચાલો બધા લાઈનસર બેસી જાવ... હું તમારો ઝઘડો પતાવી દઉં. પછી તમારા બધા પ્રશ્નોના ઉત્તર આપીશ.”

એક બાજુ અસુરો લાઈનસર ગોઠવાઈ ગયા. બીજી બાજુ દેવતાઓ લાઈનસર ગોઠવાઈ જાય. પણ ભગવાનની ઈચ્છા તો પ્રથમ દેવતાઓને જ અમૃત પીવડાવવાની હતી. એટલે મોહિનીસ્વરૂપ ભગવાને તે તરફ પગલાં ભર્યાં. તરત જ અસુરોમાંથી કોઈકે કહ્યું, “અરે ઈ બાજુ ક્યાં હાલ્યાં ?”

“ઊભા રહો, આ ઉપરનું આછું અમૃત છે, ઈ પહેલા આ બધાને પીવડાવી દઉં અને નીચે રગડો વધે ઈ તમને પીવડાવીશ !”

"હા... હા...હા... બરાબર છે. એમ જ કરો."

દોષથી આવરિત માણસ વિચારી શકતો નથી કે આ અમૃત છે, આ દુકાળ વરસની છાસ નથી. એક પછી એક દેવતાઓને ભગવાન અમૃત આપતાં જાય છે અને દેવતાઓ પણ હાથની અંજલિ વાળે છે. તેમાં ભગવાન અમૃતકુંભમાંથી અમૃત રેડતાં જાય છે ને દેવતાઓ પીતા જાય છે. ત્યારે રાહુએ નજર કરીને જોયું કે, માનો ન માનો આ કોઈ સામાન્ય સ્ત્રી નથી. આ નક્કી કપટી વિષ્ણુ છે. આ બધું અમૃત તે દેવતાઓને પીવડાવી દેશે અને અમે બધા એમને એમ ધોયેલા મૂળા જેવા ઊભા રહેવાના. એટલે એણે યુક્તિ કરી કે, મારો શ્યામ રંગ છે. એટલે જલ્દી પરખાઈ જઈશ, પણ સૂર્ય અને ચંદ્રની વચ્ચે જઈને બેસી જાઉં તો તેમના તેજમાં કોઈને ખબર નહિ પડે અને અમૃત પીવાઈ જશે. નહીંતર બીજા બધાની જેમ હું પણ રહી જઈશ. એટલે રાહુ સૂર્ય-ચંદ્રની વચ્ચે ઘૂસ્યો (બેઠો). સૂર્ય-ચંદ્ર ઓળખી ગયા કે આ આપણી વચ્ચે કોઈ કુજાત આવી ગઈ છે પણ તેમના મનમાં એમ કે ભગવાન અંતર્યામી છે, એને શું કહેવાની જરૂર છે ? આપણે ખોટું ડહાપણ કરવું જોઈએ નહીં, કારણ કે અત્યાર સુધી આપણી તમામ મુશ્કેલીમાં ભગવાને જ રસ્તાઓ કાઢ્યા છે.

ભગવાન પીરસતાં પીરસતાં સૂર્ય પાસે આવ્યા. સૂર્યની અંજલિમાં અમૃત રેડી તરત જ ભગવાન રાહુની અંજલિમાં અમૃત રેડવા માંડ્યા. ત્યારે સૂર્ય-ચંદ્રએ જાણ્યું કે આ તો જરૂર પીવડાવી દેશે. તેથી ભગવાનને ઈશારો કર્યો કે, "મહારાજ, આ આપણો નથી." પણ ત્યાં તો ભગવાનથી રાહુની અંજલિમાં અમૃત રેડાઈ

ગયું અને રાહુ પણ ગડગડાટ કરતો અમૃત પીવા લાગ્યો. બીજી જ ક્ષણે ભગવાને સુદર્શનચક્ર છોડ્યું અને રાહુનું મસ્તક ધડથી કાપી નાખ્યું. પરંતુ પરિણામ એ આવ્યું કે રાહુ અમૃત પી ગયો હોવાથી રાહુના શરીરના બે ટુકડા થયાં એ બંને અમર થયાં. જે રાહુ અને કેતુ તરીકે પ્રસિદ્ધ થયા. સૂર્ય-ચંદ્રએ રાહુની ચાડી કરી એટલે આજે પણ ગ્રહણના સ્વરૂપમાં એ બંનેને નડે છે. એટલે કોઈની ચાડી-ચુગલી ન કરવી.

હવે જે કથા છે તે જાણવા જેવી છે. બધા દેવતાઓએ ભગવાન વિષ્ણુની પાસે જઈને કહ્યું કે, "મહારાજ, તમને ખબર નહોતી કે પંગતમાં રાહુ બેઠો છે ! અમારે તમને કહેવું પડે ? વળી, તમારે માથું કાપી જ નાખવાનું હતું, તો પહેલા અમૃત શા માટે પીવડાવ્યું ? અને કાપ્યા પછી એકના બે થયા. તેથી દુઃખ ઘટવાને બદલે વધ્યું."

"દેવતાઓ સાંભળો, મારે રાહુને અમૃત પીવડાવવું જ પડે, કારણ કે પંક્તિભેદ એ મહાપાપ છે. એકવાર પંક્તિમાં બેસી ગયા પછી મારે તેને તરવાય નહીં. પછી તે ગમે તે હોય, અસુર હોય, રાક્ષસ હોય, શત્રુ હોય, મિત્ર હોય, મારે તેને પીરસવું જ પડે. એટલે મેં તેને અમૃત આપ્યું. બીજી મહત્ત્વની વાત એ છે કે, આ ચોસઠ કરોડ દાનવો બેઠા છે એમાંથી એક પણ મરદ બચ્ચો મને ઓળખી ન શક્યો અને આ રાહુ મને ઓળખી ગયો કે આ કોઈ સામાન્યીસ્ત્રી નથી, આ સ્વયં વિષ્ણુ-પુરુષોત્તમનારાયણ છે. મારાં સ્વરૂપને જે ઓળખી જાય એને અમૃત મળે, મળે ને મળે જ."

એકવાર શ્રીજીમહારાજ ફરતાં ફરતાં ભાલ દેશમાં જતાં હતાં.

રસ્તામાં એક પણ વૃક્ષ જોવા ન મળે. સવારનો પહોર છે... દસ-પંદર કાઠી દરબારો સાથે છે... મહારાજ તેમને કહે, “સૂર્યોદય જેવું થયું છે. ક્યાંકથી દાતણ મળે તો લઈ આવો.” એક પાર્ષદ ગામ તરફ ગયા. તેમને જાણવા મળ્યું કે, એક મુસ્લિમ મહિલાને ત્યાં બાવળનો છોડ છે. પાર્ષદ તેને ઘેર ગયા. મુસ્લિમ મહિલાને કહ્યું કે, “અમારે બાવળનું દાતણ જોઈએ છીએ. તારા ઘરના આંગણામાં બાવળ છે, તેની એક સોટી આપો તો સારું.” બાઈ કહે, “જાવ જાવ હવે, જેવા તેવા લોકો માટે આ બાવળ નથી.”

પાર્ષદે કહ્યું, “સાંભળો, જેવા તેવા માટે નથી લેવું પણ સ્વયં ખુદા પરવરદિગાર, જે તમારા ગામને ગોંદરે ઊભા છે, તેમના માટે લેવું છે.”

બાઈએ આશ્ચર્યસાથે પૂછ્યું, “શું કહ્યું ? ખુદા માટે...?”

“હા, ખુદા માટે...”

“તો પછી તમને નહિ આપું, હું મારી જાતે લઈને આવીશ. ખુદા પરવરદિગારને હું જાતે દાતણ આપીશ.”

ધીમેથી સરસ મજાનું દાતણ કાપી, બાવરી બનેલી એ મુસ્લિમ મહિલા દોડતી પાર્ષદ સાથે ગામને ગોંદરે આવી. દસ-પંદર દરબારો સાથે મહારાજ ઊભેલા હતા. મહારાજને ઓળખી ગઈ. મહારાજના ચરણમાં માથું મૂકી દાતણ અર્પણ કરીને કહ્યું કે, “ખુદા, મેરા અચ્છા કરના.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, “તુમ્હારા મુક્તાનંદ સ્વામી જૈસા કલ્યાણ હોગા.” સુરાખાચર કહે, “મહારાજ ભણ્યું અન્યાય થાય છે. તમારા સારું અમે ઘરબાર છોડી દીધા, તમારી ભેળા

રખડી-રખડીને થાકશું ત્યારે માંડ અમારું કલ્યાણ થશે અને આ બીબડીએ એક બાવળનું સાંઠીકું દઈ દીધું એટલામાં મુક્તાનંદ સ્વામીની હાર્યે કલ્યાણ ?!'' મહારાજ કહે, ''દરબાર ! આ બાવળિયાના સાંઠીકાની બક્ષીસ નથી. પણ, આ તમે મારી ભેળા ધોળા બગલા જેવાં લુગડાં પહેરીને ઊભા છો સાફા ને ફેંટા બાંધીને મારી જેમ ઊભા છો, પરંતુ તમારા દસ-પંદરમાંથી એકેયના પગમાં આ બીબડીએ માથું મૂક્યું ? કોઈના કહ્યા વગર મને ઓળખી ગઈ અને મારા પગમાં માથું મૂકીને દાતણ મૂક્યું. એટલે આ તો મારી ઓળખાણની બક્ષીસ છે ! આ બાવળના સાંઠીકાની બક્ષીસ નથી. વળી, સાંભળો દરબાર ! મુસ્લિમોમાં એવી માન્યતા છે કે ખુદા પરવરદિગાર ધરતી ઉપર મનુષ્યદેહે સ્વયં આવતા નથી, એના ફિરસ્તાઓને મોકલે છે. એ પરંપરાની માન્યતાને, ધર્મની માન્યતાને ઠોકર મારીને આ મહિલા અમને સ્વયં ભગવાન ખુદા જાણી સ્વીકાર કરે એ કંઈ ઓછી વાત છે !''

પોતે ધારી રાખેલું, પોતે માનેલું ન છૂટે. એટલે કે પૂર્વગ્રહ ન છૂટે. આજે તમે જુઓ છો, વિશ્વમાં ઘણા ગ્રહ છૂટે છે, પણ પૂર્વગ્રહ નથી છૂટતો. અહીં બેઠેલા આપણે બધા પણ પૂર્વગ્રહરહિત છીએ ? ના, (હું બોલું છું તે જોઈને) ઘણા એમ માનતા હશે કે, આ શું ઈતડીની જેમ ચોંટી ગયા છે? પૂર્વગ્રહ જલ્દી છૂટે નહિ અને એ જ્યારે છૂટે ત્યારે જ ભગવાન ઓળખાય...!

'શ્વેતાશ્વર' ઉપનિષદના ત્રીજા અધ્યાયના સાતમા મંત્રમાં ઋષિ કહે છે, ''इशं तं ज्ञात्वा अमृता भवती । જે પુરુષોત્તમને જાણે

છે તે અમૃતરૂપ થઈ જાય છે.'' નારદ ભક્તિસૂત્રમાં નારદજી કહે છે, ''अमृतौ भवति તેમજ ગીતામાં કહ્યું છે मम साधर्म्यमागता જે મને ઓળખે છે તેને અમૃત પ્રાપ્ત થાય છે.'' મહારાજ કહે છે કે, ''મારું ધામ છે રે અક્ષર અમૃત જેનું નામ'' ભગવાનની ઓળખાણથી જ અક્ષરધામ પ્રાપ્ત થાય છે. એટલા માટે આપણને જે પુરુષોત્તમ મળ્યા છે તેની ઓળખાણ કરવાની છે. કથામાં ઘણીવાર સાંભળ્યું છે કે, ''दुर्भगो बत लोकऽयं यादवो नितरामपि'' કારણકે પોતાને મળેલ શ્રીકૃષ્ણને ફક્ત એક જ દૃષ્ટિએ ઓળખતા હતા કે તે આપણા સ્વજન છે, સંબંધી છે, વડીલ છે, રાજયોદ્ધા છે, કાબેલ છે, કળિયા છે, બળિયા છે, છળિયા છે, ચતુર છે, ભોગી છે, યોગી છે. બીજી દૃષ્ટિએ જે ઓળખાણ છે તે પુરુષોત્તમની છે એવું ન જાણ્યું. માટે પુરાણ કહે છે કે, એ સદૈવ દુર્ભાગી છે.

એક જણો પાનના સ્ટોલ પાસે આવી ઊભો રહ્યો. ત્યાં એક છોકરો રમતો હતો.

એને કહ્યું કે, ''ચંદુભાઈનું ઘર ક્યાં ?''

પેલો કહે ''ચાલો... મારી સાથે...''

ચોથે માળે લઈ ગયો. ત્યાં જઈને તાળું બંધ હતું એ ઘરને બતાવીને કહે કે, ''આ ચંદુભાઈનું ઘર...''

''એ...લા... મારે એના ઘરનું નહિ, ચંદુભાઈનું કામ છે.''

''તમે કીધું'તુંને ચંદુભાઈનું ઘર ક્યાં ? તાળુ બંધ છે ને ઈ ચંદુભાઈનું ઘર !''

"એ'લા પણ મારે તો ચંદુભાઈનું કામ છે."

"ચંદુભાઈ તો આપણે જ્યાં પાનના સ્ટોલે ઊભા હતા ત્યાં જ હતા !"

"તું કોણ છે ?"

"હું ચંદુભાઈનો છોકરો છું !!"

આ માણસ પાછો નીચે આવ્યો. પરંતુ ચંદુભાઈને પાનના ગલ્લેથી બીડી-બાક્સ લેવા હતા તે લઈને નીકળી ગયેલા. આ માણસને ચંદુભાઈની મુલાકાત ન થઈ. એ પાછળનું કારણ શું ? ફક્ત ચંદુભાઈની ઓળખાણ ન હતી એ જ. જો ઓળખાણ હોત તો તરત પકડી લેત. શું કામ બીજાને પૂછવા જાવું પડે ? જે વસ્તુ-પદાર્થની ઓળખાણ ન હોય અને તે આપણી પાસે હોય તો પણ તેનો લાભ ન મળે. ખિસ્સામાં જ પારસમણિ હોય, પણ ઓળખાણ ન હોય તો ? દારિદ્ર ન જાય ભાઈઓ ! એમ, પુરુષોત્તમની સાથે બેઠા હોય પણ જો ઓળખાણ ન હોય, તો જનમ-જનમનું રાંકપણું ન જાય. જગતમાં પણ કોઈ વ્યક્તિ, પદાર્થ, વસ્તુની ઓળખાણ હોય તો જ તેનો પૂરો લાભ મળે. અહીંયા બેઠેલામાંથી આપણને જો કોઈ સારા સંપત્તિવાન, સુખી માણસની ઓળખાણ થાય તો ફાયદો થાય. પણ ઓળખાણ ન હોય તો આજુબાજુમાં જ ગોઠણ દબાવીને બેઠા હોય તો પણ ફાયદો ન થાય. ઉલટાનું એમ થાય કે આ થોડો આઘો ખસે તો પવન આવે ! એનાથી સરળ દૃષ્ટાંત આપું. તમારામાંથી કોઈ જુવાનિયાના તેની બાજુમાં બેઠેલ ભાઈની બહેન સાથે જો સગાઈ થઈ જાય તો એ એનો સાળો બને અને પછી જો બાજુમાં બેઠા હોય તો

કેવો આનંદ આવે ? એ થોડો આઘો ખસે તો કહે, "બીજા ભલે ખસે, તું બેસને પાસે." માટે ઓળખાણ થઈ તો હટવું નથી ગમતું. ઓળખાણ નહોતી ત્યારે એમ હતું કે, એ આઘો હટે તો મજા આવે.

બ્રિટીશરોના વખતની વાત છે. એકવાર તેઓ કાઠિયાવાડમાં ફરવા નીકળ્યા. એક ખેતરે જઈ ચડ્યા... બરોબર બપોરના બાર વાગ્યાનું ટાણું... ભાત આવેલું... ભાતમાં એ જમાનાના બાજરીના તાવડી જેવડા રોટલા, ભરેલા રીંગણાં, ગોળના દડબાં...! પેલા યુરોપીયન ભૂખ્યા થયેલા એટલે આંટા મારતા હતા. કાઠિયાવાડ તો રોટલે મોટું ગણાય. એટલે જ કહ્યું છે કે, "કો'ક દિ કાઠિયાવાડમાં ભૂલો પડજે ભગવાન, તને સ્વર્ગેય ભૂલાવું શામળા." ખેડૂ સમજી ગયો કે આ ભૂખ્યા થયા લાગે છે એટલે ઈશારાથી પૂછ્યું કે ભૂખ લાગી છે ? કારણ, ભાષા સમજે નહીં. પેલા અંગ્રેજ ઈશારામાં કહે હા, ભૂખ લાગી છે. એટલે એક એક રોટલો, ઉપર ભરેલાં રીંગણાંનું શાક અને ગોળના દડબાં દીધા. પેલા લોકો એક બાજુ જઈને જમવા મંડ્યા. રીંગણાં અને ગોળ ખાઈ ગયા. રોટલાનો ઘા કરી દીધો, કારણ કે તેઓ જાણતા નહોતા કે આ ખાવાની ચીજ છે ! ખેડુએ ઈશારાથી પૂછ્યું કે, "રોટલા નાખી કેમ દીધા ?"

પેલા કહે, "અમને એમ કે ડિશ છે." ઓળખાણ નહોતી એટલે સ્વાદ ચૂકી ગયા.

મને ને તમને શ્રીજી મહારાજની ઓળખાણ છે તેનું પ્રમાણ શું ? સમજીએ - કુંભ મેળો જોવા મેળામાં મા-દીકરો સાથે ગયા હોય. અચાનક ધક્કામુક્કીમાં દીકરો છૂટો પડી જાય... મા દીકરા

માટે આંસુ વહાવે... હારે, થાકે છતાં દીકરો હાથ ન આવે... એમાં અચાનક દિવસો પછી સામેથી દીકરો આવતો દેખાય અને દીકરાને મા દેખાય. બંને એકબીજાને ઓળખી જાય... પછી શું પરિસ્થિતિ સર્જાય ? મા...! મા...!, હા...! દીકરા...! હા...! દીકરા...! દોડીને એકબીજાને બાથ ભરીને ભેટી પડે. આંખમાં આંસુ ન સમાય. જો આવું દૃશ્ય ન સર્જાય તો સમજવાનું કે ઓળખાણમાં ખોટ છે. ભગવાન સામે દોટ ન મૂકાય તો સમજવાનું ઓળખાણમાં કંઈક ખોટ છે.

એક શ્રીમંત શેઠીયો ચોથે માળે બેઠેલો. એવામાં નીચે રોડ ઉપર તેની નજર ગઈ. રોડ ઉપર રૂપિયો પડેલો દેખાયો. કોઈક લઈ જશે એવી બીકે દોડ્યો. ત્રણ મજલા ઝડપથી ઊતરી ગયો. એક માળ રહ્યો એટલે તેણે નીચે જોયું તો એક પાણીભરવાવાળી બાઈ જતી હતી. તે લઈ લેશે એવી બીકથી ત્યાંથી (પહેલા માળેથી) ઠેકડો માર્યો... જેવો રૂપિયો હાથમાં પકડીને જોયું, ત્યાં તો કોકાકોલાનું ઢાંકણું નીકળ્યું ! તરત ફેંકી દીધું. કોકાકોલાના ઢાંકણા માટે પોતાના પગના ગોઠણની ઢાંકણી ખેડવી નાખી.

એ દોડ શેની હતી? રૂપિયાની ઓળખાણની હતી.

હાથમાં લીધા પછી ફેંકી શું કામ દીધો ? કોકાકોલાના ઢાંકણાની ઓળખાણ હતી.

ઓળખાણમાં જ બધું રહેલું છે.

એ મુસ્લિમ મહિલાને જેવી ઓળખાણ થઈ કે આ ખુદા છે,

તરત જ દોટ મૂકી. રાહુની એ જ મહાનતા છે કે જેવી તેને ઓળખાણ થઈ કે આ પુરુષોત્તમનારાયણ છે એટલે તરત જ તેણે દૈત્યોની પંક્તિ છોડી દીધી. ઓળખાણનો સાચો અર્થ જ એ છે કે જીવનમાંથી અધર્મ છૂટી જાય, જીવનમાંથી રાગ છૂટી જાય, જીવમાંથી વાસના છૂટી જાય સંસારના ભોગની પંક્તિ જો જીવનમાંથી છૂટી જાય અને દૈવતની પંક્તિમાં, સાધુઓની ભક્તિમાં, સત્સંગીઓની પંક્તિમાં આચાર અને વિચારથી બેસી જવાય તો સમજવાનું કે પુરુષોત્તમની સાચી ઓળખાણ થઈ છે નહિતર ઓળખાણ પાકી નથી.

માનકૂવાના મૂળજી અને કૃષ્ણજીની વાત સત્સંગમાં પ્રચલિત છે. એકવાર સંઘ સાથે કૃષ્ણજી ગઢપુર આવ્યા. શ્રીજી મહારાજનાં દર્શન કરતા અને તેમનાં દિવ્ય ઐશ્વર્યો જોતાં કૃષ્ણજીને ભગવાન પણાની સાચી ઓળખાણ થઈ ગઈ. સંઘની સાથે જ કૃષ્ણજી માનકૂવા(કચ્છ) પાછા આવ્યા. ઘરે આવીને મૂળજીને કહ્યું કે, ‘‘મૂળજી...! મૂળજી...! મૂળજી...! મને ભગવાન મળ્યા ! બોલતાં-ચાલતાં, રમતાં-જમતાં, ખેલતાં-કૂદતાં ભગવાન મળ્યા !’’ મૂળજીએ કહ્યું કે, ‘‘ખોટું, સાવ ખોટું, હોય જ નહીં !’’ ‘‘એલા ! મૂળજી, હું સાચું કહું છું. અનુમાનથી નહીં. સાચો અનુભવ કરીને આવ્યો છું.’’ મૂળજી કહે, ‘‘કૃષ્ણજી, સાંભળી લે, ભગવાન હોય તો તું અહીં શું કામ પાછો આવ્યો ? એટલે મને તો એમ થાય છે કે કાંતો એ ભગવાન ખોટા ને કાં તું ખોટો. જો ખરેખર તે ભગવાન હોય અને તેમને તેં સાચી રીતે ઓળખ્યા હોય તો તું અહીં આવી કેમ શક્યો ?’’ કૃષ્ણજી કહે, ‘‘હા, મૂળજી સાંભળી લે. એ ભગવાન તો

સાચા છે, પણ જરૂર હું ખોટો હોઈશ.'' ''એમ...! તો ચાલ મારે પણ ઓળખાણ કરવી છે !'' કૃષ્ણજી અને મૂળજી બંને ગઢપુરના રસ્તે ઊપડી ગયા.

ગઢપુરમાં દાદાના દરબારમાં શ્રીજી મહારાજ લીંબવૃક્ષની નીચે પાંચસો પરમહંસોની સભા ભરીને બેઠા છે. અમૃતરસની હેલી થઈ રહી છે. મૂળજી અને કૃષ્ણજી મહારાજનાં દર્શન કરે છે. કૃષ્ણજીને નિશ્ચય હતો. મૂળજીને પણ દર્શન કરતા અને વાણી સાંભળતા જ નિશ્ચય થયો કે, આ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. બંને ગઢપુર રોકાઈ ગયા. એક પછી એક દિવસો જાય છે...! તેમના ઘરે ખબર પડી કે આ બંને ગઢપુર છે, એટલે બંનેના પત્નીએ કાગળો લખ્યા કે, તમે જલ્દી ઘરે આવી જાવ. પણ મૂળજી અને કૃષ્ણજીએ મનથી નક્કી કરી લીધું કે, ભગવાન મળ્યા, હવે ઘરે જવું નથી; તેમની સેવામાં રોકાઈ જાવું છે. તેથી કાગળના કોઈ જવાબ લખે નહીં. ફરીથી બંનેના પત્નીએ મહારાજ ઉપર કાગળ લખ્યો કે, ''અમારા પતિ ત્યાં છે. એમને તમે જલ્દી ઘરે મોકલો. અહીંયા સૌ ચિંતા કરે છે. બધા દુઃખી છે. તેમના સિવાય અમારો કોઈ આધાર નથી. તમે તો દીનદયાળુ છો, મોટા મનના માનવી છો. આવું તમારાથી ન કરાય, કૃપા કરી જલ્દી ઘરે મોકલશો.'' આવો ખૂબ વિનંતિભર્યો કાગળ આવ્યો એટલે મહારાજે મૂળજી અને કૃષ્ણજીને કહ્યું કે, ''તમારે માતા-પિતા છે, પત્ની-પરિવાર છે અને તમે અહીંયા ઘણા દિવસથી પડ્યા રહ્યા છો તે ઠીક ના કહેવાય. તમારા ઘરેથી અમારા ઉપર કાગળો આવે છે એ અમને શોભતું નથી. તમે બંને ઘરે ચાલ્યા જાવ.''

સજળનેત્રે તેમણે મહારાજ પાસેથી વિદાય લીધી. રસ્તામાં ચાલતાં-ચાલતાં વિચાર કર્યો કે, "ભગવાન ઓળખાયા, હવે સંસારમાં જવું નથી." રસ્તામાં વાણિયાની વંથલીમાં એક સારા સત્સંગી ધના સુથાર રહેતા હતા. ત્યાં બંને રોકાણા. સુથારીકામમાં મજૂરી કરે, જે મળે તેનાથી ગુજરાન ચલાવે અને સાંજે કથાવાર્તા ને સત્સંગ કરે.

છ-આઠ મહિના નીકળી ગયા. તેવામાં ગઢપુર સમૈયો ભરાયો. સમૈયામાં જવા માટે મૂળજી અને કૃષ્ણજીએ સુથાર પાસે રજા માગી કે, "અમારે મહારાજનાં દર્શને જવું છે." સુથારે કહ્યું, "લ્યો આ તમારી મજૂરી પેટેના ૪૦ રૂપિયા થાય છે, તે લઈને જાવ."

આ બાજુ ગઢપુરમાં મહારાજની ઉપર તેમના માતા-પિતા અને પત્નીના કાગળો ચાલુ હતા. તેથી મહારાજ વિચાર કરતા હતા કે, આ બંને ક્યાં ગયાં હશે ? એવામાં મૂળજી અને કૃષ્ણજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. દંડવત્ પ્રણામ કરી ૪૦ રૂપિયા મહારાજનાં ચરણે ધર્યા. તરત જ મહારાજે તેમને પૂછ્યું, "તમે અત્યાર સુધી ક્યા હતા ? આ તમારા ઘરેથી કાગળો આવે છે." "મહારાજ, રાજી રહેજો, અમારે હવે સંસારમાં જવું નથી, અમે વાણિયાની વંથલી હતા. હવે અમને તમારી પાસે, તમારી સેવામાં રાખો. તમારા સિવાય અમારે મન જગત ઝેર જેવું થઈ ગયું છે." મહારાજ કહે, "જો અમારી પાસે રહેવું હોય તો પહેલા માતા-પિતા અને પત્નીની રજા લઈ આવો પછી અમે રાખીએ." "ભલે મહારાજ."

જેને પૂર્વ દિશાએ જવું હોય તેને પશ્ચિમ દિશાને જરૂર પીઠ બતાવવી પડે. જેને ભગવાનના માર્ગે ચાલવું હોય, તેને જગતમાર્ગ

છોડવો જ પડે. જડભરતજી જેવા વૈરાગ્યને મનમાં ધારી બંને આનંદથી ઘર તરફ ઝડપભેર પગલાં ભરવા લાગ્યા.

ઘરે આવી માતા-પિતા, પત્નીને સંસારની કોઈ વાત ન કરતા સ્પષ્ટ શબ્દોમાં કહેવા લાગ્યા, "અમને રજા આપો, અમારે ભગવાન ભજવા છે. ઘણા પુણ્યના અંતે આવો મનુષ્યનો દેહ અને પ્રગટ ભગવાનની સેવા કરવાનો અવસર મળ્યો છે. અમે તમારી ઘણા વર્ષો સુધી ખૂબ સેવા-ચાકરી કરી છે. હવે રાજી થઈ, દયા કરી અમને રજા આપો." તેમની આવી વાત સાંભળી માતા-પિતા તથા બંનેની પત્નીઓ રડવા લાગે છે. ઘણી વૈરાગ્યની ને સંસારના નાશવંતપણાની વાતો કરે છે પણ કુટુંબીજનો સહમત થતા નથી અને કોઈ રીતે રજા આપતા નથી.

એવામાં એક દિવસ મહારાજ માનકૂવા પધાર્યા છે. મૂળજી અને કૃષ્ણજી ખેતીકામે ગયા છે. અહીંયા ગામમાં મહારાજે ચરિત્ર આદર્યું છે. મહારાજ હાથમાં કાતર લઈને બેસી ગયા અને જે દર્શને આવે તે બધાને કહે, "જે અમારા સાચા સત્સંગી હોય તે આવો. અમારે તેમને સાધુ બનાવવા છે. પણ કોઈ સાધુ થયા નહીં. સાંજે મૂળજી અને કૃષ્ણજી ખેતરેથી પાછા આવતા હતા ત્યાં તેમને ખબર પડી કે ગામમાં મહારાજ પધાર્યા છે. એટલે મહારાજનાં દર્શન કરવા ઉતાવળે પગલે દોડતા આવે છે. ત્યાં રસ્તામાં કોઈકે વાત કરી કે, "આમ ઉતાવળા ક્યાં જાવ છો ?" "મહારાજનાં દર્શન કરવા." "અરે ! તમે જશો મા, મહારાજ આજે હાથમાં કાતર લઈને બેઠાં છે. તમને સાધુ કરી નાખશે, બાવા કરી નાખશે !" તેમણે વિચાર

કર્યો કે, એ જ તો અમારે લાગ જોઈએ છે. જરૂર અમારા માટે જ મહારાજે ચરિત્ર કર્યું હશે.

દોડતાં મહારાજની પાસે આવીને કહ્યું કે, “મહારાજ અમને સાધુ કરો, મહારાજ અમને સાધુ કરો.” મહારાજ કહે, “સાધુ થઈને માર ખાવો પડશે, ખાવાનું નહીં મળે, ટાઢ-તડકા સહન કરવા પડશે, અપમાન સહન કરવા પડશે. બોલો છે તૈયારી ? જાવ તમારા મન સાથે નક્કી કરીને આવો.” બંને એકબાજુ જઈને મનને સમજાવી ઉપદેશ આપી પાછા મહારાજ પાસે આવીને કહ્યું કે, “મહારાજ ! અમે નક્કી કરી લીધું છે અને અમારું મન પણ કહે છે કે, કૂતરા, બિલાડા, ગધેડા થવા કરતાં પ્રભુ ભજીને મોક્ષ મેળવી લેવો તે ઠીક છે. એટલે અમારે તો સાધુ થઈ જ જવું છે.” આમ કહી કૃષ્ણજી મંડ્યા પોતાના કેડિયાની કસો છોડવા ! એટલે મૂળજી કહે, “હવે તારે ક્યાં બીજી વાર પહેરવું છે ? તોડી નાંખ.” મૂળજી હજી કેડિયું તોડીને તૈયાર થયા ત્યાં મહારાજ કહે, “એ...! રાખો...! રાખો...! રાખો...! તમે હવે સાધુ થઈ ગયા. અમારે તમને સાધુ નથી કરવા. અમારી તમને આજ્ઞા છે કે, તમે તમારે ઘેર જાવ અને ભગવાન ભજો !” મૂળજી અને કૃષ્ણજીને મહારાજે ફરીથી ઘરે મોકલ્યા અને માનકૂવાથી મહારાજ ગઢપુર આવ્યા.

મૂળજી અને કૃષ્ણજી વિચાર કરે છે કે, કદાચ હવે આપણે સાધુ નહિ થઈ શકીએ, કારણકે એક બાજુ આપણા ઘરવાળા રજા નથી આપતા અને બીજી બાજુ મહારાજ આપણને રાખતા નથી. ઘરેથી જો રજા આપે તો જરૂર મહારાજ રાખી લે. વળી બંનેને વિચાર થયો કે આપણે સંસારના કામના છીએ એટલે ઘરવાળા રજા નથી

આપતાને ? જો સંસારના ઉપયોગના જ ન રહીએ એવા થઈ જઈએ તો આપમેળે રજા મળી જાય. આમ વિચારી બંનેએ એવું જાલીમ પગલું ભર્યું કે પોતાના હાથે જ પોતાની ઈન્દ્રિયોને ભીષ્મ કરી નાખી લોહીલુહાણ થઈ ગયા.

માનકૂવામાં અદાભાઈ બહુ સારા સત્સંગી હતા. તેમણે દોડીને મૂળજી-કૃષ્ણજીને પોતાના ઘરે લાવીને તેમની સારવાર કરવા માંડી.

મૂળજી-કૃષ્ણજીએ પોતાના અંગ કાપી નાખ્યા છે એ વાતની દાદાના દરબારમાં મહારાજને ખબર પડી. એટલે મહારાજે કાગળ લખ્યો કે, "સહુ સંતો-હરિભક્તોને માલૂમ થાય કે, મૂળજી-કૃષ્ણજીએ અમારી આજ્ઞા લોપી છે. તેમણે પોતાના અંગો વિચ્છેદ કરીને અમારી મરજી વિરુદ્ધનું કૃત્ય કર્યું છે. માટે તેમની સાથે જે કોઈ બોલવા-ચાલવાનો વ્યવહાર રાખશે ને જે કોઈ તેમની સેવા-ચાકરી કરશે એ અમારાથી વિમુખ...!"

અદાભાઈ કહે, "ભલે મહારાજ મને વિમુખ કરે, પણ હું તમારી સેવા-ચાકરી કરીશ." આ ત્રણ જણાની સાથે આખું ગામ બોલતું નથી ! પણ, આ ત્રણેય જણા મહિનાથી મહારાજનું ભજન કર્યા કરે છે. થોડા સાજા-નરવા થયા એટલે જ્યાં સત્સંગીઓ મળે ત્યાં કથાવાર્તા સાંભળવા જાય. પણ, સત્સંગીઓ તેમને હડધૂત કરે એટલે બજારમાં જ્યાં કૂતરાં બેસે ત્યાં બેસીને કથા સાંભળે ! આ જોઈને ગામલોકો જે સત્સંગી હતા તે કહે, "એલા એય... અહીંથી નીકળો." ત્યારે મૂળજી-કૃષ્ણજી હાથ જોડીને કહે, "ભાઈ, અહીંયા તો ઢોર-ઢાંખર, કૂતરા, બિલાડા બેસે એવી જગ્યામાં અમે બેઠા

છીએ. થોડી દયા તો કરો. અમને કથા તો સાંભળવા દો.'' પછી તેમને બેસવા દીધા.

બંને જ્યારે બિલકુલ સાજા થઈ ગયા ત્યાર પછી ગેરુ લાવી, કપડાં રંગીને, જાતે દીક્ષા લઈને સાધુ થઈ ગયા અને ચાલી નીકળ્યા ગઢપુર ! દાદાના દરબારમાં આવીને મંડ્યા મહારાજને દંડવત્ કરવા. મહારાજ કહે, ''તમે કોના પરમહંસ છો ?''

''મહારાજ, અમે તમારા...''

''તમારું નામ શું ?''

''નામરૂપ તો મિથ્યા છે, મહારાજ !''

''ઓ... હો... હો...! ભારે સિદ્ધની પૂંછડીઓ ! નામરૂપ મિથ્યા છે. એલા એય પાર્ષદો... આને ધક્કા મારીને બહાર કાઢો. આ તો મૂર્ખા છે. મોઢેથી બોલે છે નામરૂપ મિથ્યા છે, અને હાથે ભગવા પે'રીને સમાજને કેવા છેતરવા નીકળી પડ્યા છે ?! આ ન જાય તો ધક્કા મારીને કાઢી મૂકો !''

પાર્ષદોએ તેમને દરબારગઢમાંથી તગડી મૂક્યા. બંને જણા ઘેલા નદીના સામે કાંઠે જઈને બેઠા. ધીમે ધીમે રાત્રિનું અંધારું વધે છે અને બંનેનો વિરહ વધે છે. બંને વિચાર કરે છે, ઓ... હો... હો...! મહારાજ આપણને રાખતાં નથી અને એમનાં વિના રે'વાતું નથી. વિરહની વેદના આંખમાંથી આંસુસ્વરૂપે અને મુખમાંથી કીર્તન-સ્વરૂપે નીકળે છે.

અક્ષરઓરડીમાં મહારાજ નિદ્રાધીન છે. કીર્તનના શબ્દોથી મહારાજનો ઢોલિયો મંડ્યો ખેંચાવા ! મહારાજ જાગી ગયા અને

કહે, "પાર્ષદો ! પેલા કચ્છી માડુ કીર્તન બોલે છે ને અમને સૂવા નથી દેતા. તેમને ત્યાંથી દૂર કાઢો." ક્યાં ઘેલાનો કાંઠો ને ક્યાં અહીં અક્ષરઓરડીમાં પોઢેલા મહારાજનો ઢોલિયો ! પાર્ષદો ઉપડ્યા.

ત્યાં જઈને કહે, "નીકળો અહીંથી. ખબર નથી પડતી ? સાવ નાક વગરના લાગો છો ! જાવ અહીંથી, મહારાજને ઊંઘ નથી આવતી." ઘેલા કાંઠેથી બંનેને તગડી મૂક્યા.

દિવસે કોઈ સાધુ-સત્સંગી આવે તો તેમના દર્શન કરે, મહારાજનાં ખબરઅંતર પૂછે એટલે હૈયામાં ટાઢું રહે. પણ રાત પડે એટલે કોણ આવે ? રાત્રે મહારાજનો વિરહ સતાવે. ફરી બીજી રાતે ઘેલા કાંઠે બેઠા બેઠા બંનેએ કીર્તનોની રમઝટ બોલાવી. વળી, મહારાજ ઊભા થયા અને પાર્ષદોને કહ્યું, "પાર્ષદો ! આજે પણ તે બંને મને સૂવા દેતા નથી. જાવ, દૂર કાઢી મૂકો તેમને !" પાર્ષદો ત્યાં જઈને કહે, "કાલે કાઢ્યા હતા અને આજે પાછા આવી ગયા ? અહીંથી દૂર હટો. ખબર નથી પડતી મહારાજને ઊંઘ નથી આવતી!" મૂળજી-કૃષ્ણજી કહે, "અમે કચ્છી માડુ છીએ. એક જણ દસ જણાને ભારે પડશું. અમે કંઈ બોલતા નથી ત્યાં સુધી બાકી તમારા દસેય જણાના માથા ફોડી નાખશું નાળીયેરની જેમ ! આટલે દૂર બેઠા છીએ તો પણ અમે તમને નડીએ છીએ ? જાઓ, નથી જવું અહીંથી, નહીં ઊઠીએ. તમારાથી થાય તે કરી લ્યો !"

તેમનું આવું શૂરાતન જોઈ પાર્ષદો મૂઠીઓ વાળીને ભાગ્યા ! મહારાજને કહે, "મહારાજ ! એ તો અમને મારવા ઝાલે એવા છે !" મહારાજ કહે, "હા... હોં, કચ્છી માડુ વહમા હોય, માટે

વિચારીને જાવું.''

ત્રીજો દિ' થયો ને ત્રીજી રાત્રે વળી મૂળજી-કૃષ્ણજીએ કીર્તનો શરૂ કર્યાં.

મહારાજ કહે, ''એલા પાર્ષદો ! આ તો અમારી પાછળ પડ્યા છે !''

''હા મહારાજ ! હવે તો અમારાથી પણ ત્યાં જવાય એવું નથી !''

''તો એમ કરો, એમને અહીં બોલાવી લાવો !''

''એમ ?''

''હા.''

પાર્ષદો ગયા અને કહે, ''એ મૂળજી ! એ કૃષ્ણજી ! મહારાજ તમને બોલાવે છે !''

''હેં.... ?!''

''હા... હા, જલદી ચાલો.''

જેમ પે'લ વેતરી ગાયના વાછરડાને ખીલેથી છોડે અને વાછરડું માને મળવા દોટ મૂકે તેવી રીતે બંને ભાગ્યા છે ! રસ્તાની ખબર નથી રહેતી, કઈ બાજુ દિશ છે, કંઈ ખબર નથી ! બસ, બંને ઠેકડા મારતા મારતા દોડે છે !

આ બાજુ મહારાજ અક્ષર ઓરડીમાંથી ઊભા થઈને નેજવા માંડીને જોવે છે. થોડીવારમાં મૂળજી અને કૃષ્ણજી દેખાયા. તેમને

જોતાં જ મહારાજ દોડીને તેમને દંડવત્ કરવા મંડ્યા છે ! મૂળજી અને કૃષ્ણજીએ દોડીને મહારાજને પકડી લીધા અને કહ્યું, "રાખો મહારાજ, રાખો. આવું હોય ?" મહારાજ કહે, "અમે તમને કૂતરાની પેઠે ધુત્કાર્યા, હડધૂત કર્યા, છતાંય તમે અમને છોડ્યા નહીં ! ધન્ય છે, તમને ધન્ય છે !" પછી મહારાજે તે બંનેને દીક્ષા આપી. એકનું નામ "સર્વજ્ઞાનંદ" અને બીજાનું નામ "ઘનશ્યામાનંદ" પાડ્યું. સર્વજ્ઞાનંદસ્વામી અમદાવાદ મંદિરના મહંત રહ્યા અને ઘનશ્યામાનંદસ્વામી આજીવન ગુણાતીતાનંદ સ્વામીની સાથે જૂનાગઢ મંદિરમાં સેવામાં રહ્યા.

આ દિવ્ય પ્રસંગોનો સાર શું છે ? "ઓળખાણ." મૂળજી અને કૃષ્ણજીના જેવી ઓળખાણ થાય તો પાપ છોડવું ન પડે, અધર્મ છોડવો ન પડે, સંસારની પંક્તિ છોડવી ન પડે, પણ બધું આપમેળે છૂટી જાય અને વૈરાગ્ય કેળવવો ન પડે, ભક્તિ શીખવી ન પડે પણ બધું આપોઆપ ફૂટી નીકળે !

ઓળખાણ એટલે "સહજાનંદ સ્વામી ભગવાન છે" એટલી જ કરવાની હોય તો બીજું કશું કહેવાનું બાકી રહેતું નથી અને જો સહજાનંદસ્વામીની કંઈક વિશેષ ઓળખાણ કરવાની હોય તો ગુણાતીતાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામીની વાતો સાર્થક છે. જો સહજાનંદસ્વામીનો હજુ કંઈ વિશેષ પરિચય કરવાની જરૂર ન હોય તો ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીના દાખડાનો કોઈ અર્થ રહેતો નથી. તો તે બંને સંતોને શ્રીજી મહારાજ વિષે શું વિશેષ ઓળખાવવું છે ? ગુણાતીતાનંદ સ્વામી કહે, "સાંભળો... સાંભળો...

આ શરીરની આવરદા બાવીસ વરસથી નથી, છતાં મહારાજે મને રાખ્યો છે ! પણ, શા માટે રાખ્યો છે? તો શ્રીજી મહારાજનું સર્વાવતારી, સર્વોપરી પુરુષોત્તમપણાનું જ્ઞાન આપવા માટે રાખ્યો છે. માટે કહેનારા છે, બોલનારા છે, સમજાવનારા છે ત્યાં સુધીમાં પુરુષોત્તમનો મહિમા સાંભળી લેજો, જાણી લેજો. માટે આવો. આવો... સોનાનાં ખોરડાં હોય તો તે વેચીને પણ આવો ! પુરુષોત્તમપણાનું જ્ઞાન મેળવી શ્રીજી મહારાજને બરાબર ઓળખી લ્યો.''

વળી, ગુણાતીતાનંદસ્વામી કહે, ''જુઓને ભાઈ, આ ગુજરાતનાં ઘોડા કાંઠાળા (ઊંચા) બહુ, રૂપાળા બહુ, પણ પાણીનો ધોરીયો આવે ત્યાં અટકી જાય ! પછી તલવાર લઈને કાપી નાખો તો પણ આગળ ડગલું માંડે નહિ! એમ આ બધા જીવ બીજે ક્યાંય અટકતા નથી. પણ, 'શ્રીજીમહારાજ સર્વાવતારી પુરુષોત્તમ છે.' એમ કહેવામાં બધા અટકે છે ! જો અલૈયાખાચરના ઘોડાની જેમ પલોટ્યા હોય, બસો છોકરાં હથિયાર પડિયાર લઈને ઊભા હોય ને એની વચમાં નાખીને ઘોડા પલોટ્યા હોય તો પછી એ ઘોડા ક્યારેય પાછા પડે નહિ, તેમ એવા સદ્‌ગુરુની ઉપલબ્ધિ કરીને જ્ઞાન પ્રાપ્તિ કરી હોય તો શ્રીજી મહારાજને સર્વાવતારી, સર્વોપરી કહેવામાં જીવ ક્યારેય અચકાય નહીં. તેથી સહજાનંદસ્વામી પુરુષોત્તમ તો ખરા, પણ તેમને સર્વાવતારી પુરુષોત્તમ સમજો.''

ગોપાળાનંદસ્વામી કહે, ''ઉપાસના ચોખ્ખી સમજજો. એમાં કંઈ લોચો રાખતા નહીં. શ્રીજીમહારાજ સર્વ અવતારના અવતારી

છે. તેમને બીજા અવતાર જેવા ન કહેવાય પણ આજે આપણા જ સંપ્રદાયના સાધુઓ, સત્સંગીઓમાંથી ઘણા લોકો કહે છે, ભાઈ, અવતાર-અવતારીનો લોચો મૂકી દ્યો, એ ભેદ છે જ નહીં. !''

અવતાર-અવતારીનો ભેદ વાસ્તવિક છે, શાસ્ત્રીય છે. શ્રીજી મહારાજ મધ્યના ૬૪મા અને લોયાના ૧૪મા વચનામૃતમાં અવતાર-અવતારીનો ભેદ સ્પષ્ટપણે નિરૂપે છે. આ ભેદ શ્રીજીમહારાજને માન્ય છે, શાસ્ત્રોને માન્ય છે છતાં પણ આપણા જ લોકો એમ કહે છે કે, અવતાર-અવતારીનો ભેદ મિથ્યા છે.

હકીકતમાં અવતાર-અવતારીનો ભેદ છે, છે અને છે જ. અવતારી સામે તમામ અવતારો ન્યૂન થઈ જાય. અવતારીમાં તમામ અવતારો લીન થઈ જાય, અવતારી કોઈનામાં લીન ન થાય એવું અવતારી સ્વરૂપ છે પણ એવું અવતારી સ્વરૂપ કયું ? તો, આપણા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી, પૂર્ણપુરુષોત્તમ એ જ સર્વ અવતારના અવતારી છે. એવું સમજો, એવું નક્કી કરો, એવી મનમાં ઘેડ પાડો. આ કોઈ ગુણાતીતાનંદસ્વામી કે ગોપાળાનંદસ્વામીનું પોતાનું મનઘડંત કહેવું હતું? ના, શ્રીજી મહારાજને જે સમજાવવું હતું, એ જ આ બંને સંતોએ સમજાવ્યું છે.

મધ્યના ૯મા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે, ''પોતાને મળ્યું જે ભગવાનનું સાક્ષાત્‌સ્વરૂપ એને સદા દિવ્ય સાકાર જાણવું, સર્વઅવતારોનું કારણ અવતારી જાણવું. એમ ન જાણે અને ભગવાનના સ્વરૂપને નિરાકાર જાણે અને બીજા અવતાર જેવા જાણે તે ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો કહેવાય.'' મધ્યના ૧૩મા વચનામૃતમાં મહારાજ

કહે, "તેજને વિષે જે મૂર્તિ છે તેમાંથી સર્વે અવતાર પ્રગટ થાય છે. અને એમાં જ સર્વે અવતાર લીન થાય છે. એ જે મૂર્તિ છે એ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણવું. એટલે તો અમે કોઈને વઢીએ છીએ, કાઢી મૂકીએ છીએ, શું કામ? કોઈ રીતે જો આ વાત સમજાય તો એ જીવનું રૂડું થાય. નહીંતર ઉપાસનાની સમજણમાં, નિષ્ઠામાં ખામી રહી તો એ વાંધો ક્યારેય ભાંગશે નહિ, માટે આવું રહસ્ય સમજાય એવો ઉપાય કરવો." એ જ રીતે અંત્યના ૩૮મા વચનામૃતમાં પણ મહારાજ સમજાવે છે, "એવા જે સર્વોપરી પુરુષોત્તમભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે, તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે. ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનનાં જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે." આ વચનામૃતમાં શ્રીજી મહારાજ અવતાર-અવતારીનો ભેદ સ્પષ્ટપણે બતાવે છે અને આ જ એમને સમજાવવું છે.

હવે એક મૂળભૂત બાબતની ચર્ચા કરીએ. વચનામૃતમાં મહારાજ ત્રણ રીતે રજૂ થયાં છે. જ્યાં કોઈ આચારનો પ્રશ્ન પૂછશે, ધર્મનો પ્રશ્ન પૂછશે ત્યાં શ્રીજી મહારાજ એક ભક્તની રૂએ પ્રશ્નનો ઉત્તર કરશે કે, "આપણે તો શ્રીકૃષ્ણના દાસ છીએ. આપણે તો નરનારાયણના પ્રતાપે કરીને એવા પૂર્ણ નૈષ્ઠિક થઈશું." જ્યારે જ્યારે

આચાર અને ધર્મનો પ્રશ્ન આવશે ત્યારે કેવળ ભક્તની રૂએ જ મહારાજ ઉત્તર આપશે.

બીજી વાત, જ્યારે સામે કોઈ ગ્રંથ વંચાતો હશે અને મહારાજને ઉદ્‌બોધન કરવાનું થશે, કોઈ ગ્રંથમાંથી ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય ને ઉપાસના અથવા અવતારસંબંધી પ્રશ્ન ઉપસાવવામાં આવશે, તો મહારાજ એ પ્રશ્નનો ઉત્તર સદ્‌ગુરુની રૂએ આપશે, કારણ કે પ્રશ્ન પૂછવો અને ઉત્તર આપવો એ સદ્‌ગુરુ અને શિષ્ય વચ્ચેનો સંબંધ છે. તેથી મહારાજ ઉત્તર કરતી વખતે આમન્યા રાખશે, મર્યાદા રાખશે, ગુરુ-શિષ્યનો સંબંધ સ્થાપિત કરશે અને સદ્‌ગુરુની રીતે બોલશે તેમજ પોતાના સ્વરૂપને પરોક્ષ કરી નાખશે. મધ્યના ૬૪મા વચનામૃતમાં મહારાજ પોતાને પરોક્ષપણે રજૂ કરે છે એટલે તરત નંદસંતો પાછળ ટીક મારશે કે, "આ જે મહારાજે ઓળખાણ કરાવી તે પરોક્ષપણે પોતાના જ પુરુષોત્તમપણાની ઓળખાણ કરાવી છે." કારણ કે ગુરુ-શિષ્યની આ જ રીત છે. વળી, જે પ્રશ્ન પૂછે તેની હેસિયત જોવી પડે. પ્રશ્ન પૂછનારાની કક્ષા પ્રમાણે ઉત્તર કરાય. દા.ત. સૂરાખાચર પ્રશ્ન પૂછે, તેનો ઉત્તર અલગ રીતે અપાય. નિત્યાનંદસ્વામી એ જ પ્રશ્ન પૂછે, તો તેમને અલગ રીતે ઉત્તર અપાય. એટલે એમાં જે મહારાજની મર્યાદા છે, ઔચિત્ય છે, તે સદ્‌ગુરુની રૂએ પ્રગટ થાય છે. આ બાબત સમજી રાખવી જોઈએ, નહીંતર લોચો-લાપસી થઈ જાય. પણ, આ જે ત્રણ વચનામૃત છે : મધ્યનું ૯મું, મધ્યનું ૧૩મું અને અંત્યનું ૩૮મું - તેમાં મહારાજને કોઈએ પ્રશ્ન પૂછ્યો નથી. વળી, મહારાજે પણ કોઈને પ્રશ્ન પૂછ્યો નથી. સામે કોઈ ગ્રંથની કથા નથી.

સામે કોઈ ગ્રંથનો સંદર્ભ પણ નથી. શ્રીજી મહારાજ સ્વતઃ બોલ્યા છે. એ સ્વતઃ પ્રમાણ છે. વળી, મહારાજ એમ બોલ્યા છે કે, “મારે આ જે વાત કરવી છે તે કાંઈ બડાઈ કરવા નથી કરવી, પણ મોટેરા મોટેરા વાતમાં સમજતા હોય તે બધા આગળ આવો.” આ ત્રણ વચનામૃતો જોતાં જ્યાં-જ્યાં મહારાજ પોતે પોતાનાં સ્વરૂપ વિષે બોલ્યાં હશે, ત્યાં કોઈ પ્રશ્ન-ઉત્તર નહીં હોય. ત્યાં મહારાજ સ્વયં ખીલે છે. માટે એ પ્રધાન વચનો છે, હાર્દરૂપ વચનો છે, પ્રમાણરૂપ વચનો છે, વેદરૂપ વચનો છે અને બીજાં જે વચનામૃતો છે તે બધાં આ વચનોને અનુસરે છે. આ વચનામૃતોમાં શ્રીજી મહારાજ સર્વાવતારી એવું પોતાનું સ્વરૂપ સ્વયં રજૂ કરે છે, સ્વયં સમજાવે છે અને જે રીતે રજૂઆત કરે છે, તે દઢ કરાવવાના પણ પ્રયાસ કરે છે.

મધ્યના ૫૯મા વચનામૃતમાં મહારાજે અંતમાં અતિ દઢ નિષ્ઠાવાળા ભક્તોના નામ બતાવ્યા છે. તેમણે કહ્યું છે, “જેવી આ નાથ ભક્તને નિષ્ઠા છે, જેવી કાશીદાસને નિષ્ઠા છે, જેવી દામોદરને નિષ્ઠા છે, એવી ભગવાનની નિષ્ઠા હોય ત્યારે જાણીએ કે આ પૂર્વ જન્મનો ભગવાનનો ભક્ત છે.” આમ, મહારાજે ભક્તોની નિષ્ઠા વખાણી છે, તેમની દઢતા વખાણી છે. વળી, દામોદરભક્તને તો શ્રીજી મહારાજે સ્વયં પોતાના સ્વરૂપની નિષ્ઠા કરાવી છે !

અમદાવાદના દામોદરભાઈ પાટીદાર હરિભક્ત. સંતના વચનોથી સત્સંગ થયેલો. તેમને સેવાનું ભારે અંગ. સંતો અને મહારાજની સેવા માટે તૂટી પડે ! બીજું દર્શનનું અંગ. મહારાજની પડખે ને પડખે રહે. સેવાની તક શોધે અને દર્શન કર્યા કરે. મહારાજ

તેમની પર ખૂબ ખુશ થાય. નહીંતર તમે જુઓ, આજે સત્સંગમાં ઘણા લોકો સેવા કરનારા હોય, પણ તેમને આરતી સાથે કંઈ લેવા દેવા ન હોય અને જે દેવદર્શન, આરતી ખૂબ કરતા હોય, તેમને સેવા પ્રત્યે અણગમો હોય. પણ આ દામોદર ભક્ત સેવા પણ કરે અને સાથે સાથે દર્શન પણ કરે.

એકવાર અમદાવાદમાં સમૈયા વખતે મહારાજની આગળ સભા ભરાઈને બેઠી હતી અને મહારાજ કથાવાર્તા કરતાં હતાં. એવામાં મહારાજને ખોંખારો આવ્યો ને થૂંકવાનું મન થયું. આજુબાજુ જોયું, પણ ક્યાં થૂકવું ? હંમેશાં સેવાની તક શોધનારા દામોદરભક્ત બાજુમાં ઊભા હતા. તેમણે જોયું, મહારાજને થૂંકવું છે, પણ ક્યાં થૂંકે એ પ્રશ્ન છે. તરત જ દામોદર ભક્તે પોતાના માથેથી પાઘડી ઉતારીને મહારાજ આગળ ધરી અને કહ્યું, “મહારાજ, આમાં થૂંકો !” મહારાજને પાઘડીમાં થૂંકાવ્યા અને થૂંકવાળી પાઘડી માથે મૂકી દીધી. મહારાજ રાજી રાજી થઈ ગયા. “વાહ ! વાહ ! દામોદર...” આમ, ખરા ટાણે દામોદરભક્તે સેવાની તક ઝડપી લીધી.

એકવાર ગઢડા થઈને વડતાલ સંઘ જતો હતો. મહારાજ, સંતો, હરિભક્તો સાથે હતાં. દામોદર ભક્ત પણ સંઘમાં હતા. રસ્તામાં નાનીબોરૂ ગામનું તળાવ આવ્યું. મહારાજ કહે, “અહીંયા બધો સામાન મૂકો, સ્નાનાદિક નિત્યક્રમ કરીને પછી આગળ જઈશું.” બધા લોકો કપડાં કાંઠે મૂકીને તળાવમાં સ્નાન કરવા માટે ઉતર્યાં. દામોદરભક્ત તો મહારાજની પાસે ને પાસે જ હોય. તળાવમાં સ્નાન

કરતા કરતા તેમણે નજર કરીને જોયું તો જ્યાં સામાન મૂક્યો હતો ત્યાં બહુ માણસો દેખાયા. એટલે દામોદરભક્ત કહે, “મહારાજ ! આ આપણો સામાન કોક લઈ જશે. કોણ છે એ બધા ?” મહારાજ કહે, “દામોદર ! ચાલો આપણે જોઈએ.” દામોદરે જ્યાં નજીક જઈને જોયું તો, આ...હા...હા...! ચોવીસ અવતારો...! અનંત ઈશ્વરો...! અનંત દેવતાઓ...! તળાવની પાળે ! હજુ દર્શન કરીને જુએ ત્યાં તો તમામ દેવતાઓ, તમામ અવતારો શ્રીજી મહારાજના સ્વરૂપમાં લીન થયા ! આ જોઈને દામોદર કહે, “મહારાજ, આ...!”

“હા દામોદર, મને તારા ઉપર બહુ હેત છે, એટલે મારા સ્વરૂપની દૃઢતા કરાવવા માટે, મેં તને આ દેખાડ્યું છે.”

“હા મહારાજ, આપ જ સર્વઅવતારના અવતારી, સર્વોપરી પુરુષોત્તમનારાયણ છો. પ્રભુ, મારી સમજણ દૃઢ થઈ ગઈ.”

પછી તો દામોદર ભક્ત બસ...!

“રામ અમલ રંગ રાતે સાધુ, અજહુ નાહી અઘાતે... રામ અમલ રંગ.”

મહારાજના સર્વોપરીપણાની જ વાતો કરે, “ભાઈ સર્વોપરી જાણો...! જાણો...! જાણો...!” મહારાજે કહ્યું છે કે, જે વાત કરો તેમાં આ વાતનું (સર્વોપરીપણાનું) બીજ લાવજો.”

હવેનો પ્રસંગ અદ્‌ભુત છે. અમદાવાદના નથુ ભટ્ટ પ્રકાંડ વિદ્વાન, ભાગવતના શ્રેષ્ઠ વક્તા, પરમ વૈષ્ણવ. તેઓ નિત્ય

હવેલીઓમાં જાય, કથા વાંચે, શેઠિયાઓ તેમને અઢળક દક્ષિણા આપે, આમ તેઓ સુખી-સંપન્ન માણસ હતા. પણ જ્યારે મુક્તાનંદ સ્વામીનો યોગ થયો ને મહારાજ ઓળખાણા એટલે સત્સંગી થયા. તેથી વૈષ્ણવોએ તેમનો વિરોધ કર્યો. તેમણે નથુ ભટ્ટને કહ્યું.

"સત્સંગ મૂકી દ્યો, તો જ તમારી કથા સાંભળીએ."

હવે કથા એ ભટ્ટજી માટે આજીવિકાનું મુખ્ય સાધન હતું, છતાં તેમણે કહ્યું, "જુઓ ભાઈઓ, સત્સંગ નહીં છોડાય. કથા સાંભળવી હોય તો સાંભળો અને ન સાંભળવી હોય તો... !"

વળી કોઈ ડાહ્યા માણસે કહ્યું, "ભટ્ટજી, તમે મંદિરે જાવ, સાધુ પાસે જાવ, સત્સંગ કરો એનો અમને કોઈ વાંધો નથી. પણ તમે તિલક અને કંઠી મૂકી દો !"

ત્યારે નથુ ભટ્ટે કહ્યું, "ભાઈ, માથું કપાય પણ તિલક અને કંઠી નહિ જાય ! હું સ્વામિનારાયણનો છું અને તેમનો જ રહેવાનો છું. તમારે દક્ષિણા ન આપવી હોય, તો કંઈ નહિ, પેટ નહિ ભરાય તો ફોડી નાખીશ ! પણ, મેં જેને ધણી માન્યો છે એ શું તમારી ને મારી જેવો છે? એ તો અનંતકોટિ બ્રહ્માંડનો ધણી છે. માતાના ઉદરમાં જેણે પોષણ કર્યું તે હવે મારું પોષણ નહિ કરે ? મૂર્ખા છો તમે શેઠિયાઓ, જાવ, અહીંથી નીકળી જાઓ."

નથુ ભટ્ટની આજીવિકા બંધ થઈ ગઈ. પણ તેઓ તો સહજાનંદની મસ્તીમાં છે. "મેરે તો એક સહજાનંદ, દૂસરો ન કોઈ..." નથુ ભટ્ટની આવી અનન્ય ટેક જોઈ દામોદરભક્તને તેમની સાથે ખૂબ હેત થઈ ગયું. બંને સાથે બેસીને સત્સંગ કરે અને તેમાં ઉપાસનાની

વાતો નીકળે.

એક દિવસ દામોદરભક્તે નથુ ભટ્ટને કહ્યું, 'બાપા, તમે સમજો છો પણ તેમાં જો થોડું વધારે સમજો તો રંગ રહી જાય.''

"શું વધારે સમજવાનું છે ?''

"તમે શ્રીજી મહારાજને કેવા સમજો છો ?''

"જે શ્રીકૃષ્ણ હતા તે જ આ શ્રીજી મહારાજ છે, જે આપણને પ્રગટ મળ્યા છે. જે શ્રીકૃષ્ણની કથા હું કરતો એ પ્રગટપણે આજે રમતાં-જમતાં, હરતાં-ફરતાં મળ્યાં છે.''

"ના બાપા, એમ નહિ. એ હતા એ આ છે એમ ન સમજો. પણ, શ્રીજી મહારાજે પૂર્વે શ્રીકૃષ્ણઅવતાર ધર્યો હતો એમ સમજો.''

આ સાંભળીને નથુબાપા ગુસ્સે થઈ ગયા અને કહે, "હવે બેસ બેસ કણબા, તને શું ખબર પડે ? શાસ્ત્રમાં તને શું ગમ પડે ?'' અને તેમણે દામોદરભક્તને બે તમાચા મારી દીધા.

બે જણા ચોરે બેઠા બેઠા વાતો કરતા હતા ને એમાં બાઝી પડ્યા. બંને લોહીલુહાણ થઈ ગયા અને બંનેને પાટા બાંધ્યા ! પછી કોઈએ પૂછ્યું, "કેમ બાઝી પડ્યા ?'' તો કહે, "અહિંસાની ચર્ચા કરતા હતા !'' અહિંસાની ચર્ચા ઉપરથી હિંસામાં ઊતરી પડ્યા...!

સત્સંગમાં પણ ઘણી જગ્યાએ આવું થાય છે. વચનામૃતની ચર્ચા કરતા કરતા બથોબથ આવી જાય ! જો કે તેમાં કોઈ વાંધો નથી ! માલ-મિલકત માટે બાઝે એના કરતાં ભગવાન માટે બાઝે તેમાં શું ખોટું છે ?!

નથુબાપાએ દામોદરભક્તને બે લાફા મારી દીધા અને કહે, “હાલ-કણબા, અત્યારે જ ! મહારાજ વડતાલમાં છે. ગાડું જોડ, ત્યાં જવું છે !” (તાન તો જુઓ !) ગાડું જોડીને બંને વડતાલ આવ્યા. જેવા આ નથુબાપા અને દામોદરભક્ત મહારાજને દંડવત્ કરીને બેસવા ગયા ત્યાં મહારાજ કહે, “કેમ ગોરબાપા... ઉપાસના સમજવા આવ્યા ?” ભટ્ટજી કહે, “હા મહારાજ ! કેમ સમજવું ?” મહારાજ કહે, “બેસો ધ્યાનમાં, જેવું હશે તેવું દેખાશે.” નથુ ભટ્ટે જેવું ધ્યાન લગાવ્યું ને મહારાજે ચપટી વગાડી કે તરત જ ભટ્ટજી અક્ષરધામમાં પહોંચી ગયા, સમાધિનિષ્ઠ થઈ ગયા. અક્ષરધામમાં જોયું તો મહારાજ રાજ-રાજેશ્વરરૂપે સિંહાસન પર બેઠેલા અને ચોવીસે અવતારો મહારાજ સન્મુખ હાથ જોડીને ઊભેલા અને થોડીવાર પછી મહારાજની મૂર્તિમાં ચોવીસે અવતારો લીન થયા. નથુ ભટ્ટ ધ્યાનમાંથી જાગીને મહારાજના પગમાં પડી ગયા. મહારાજ કહે, “ભટ્ટજી, આ દામોદર ભક્ત સમજે છે એમ સમજવું.” આ બધી ઐતિહાસિક ઘટના છે, ઈન્દ્રજાળથી લાવીને નથી કહેતો.

નથુ ભટ્ટે કહ્યું, “મહારાજ, મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. મને માફ કરો. પછી ભટ્ટજી દામોદરભક્તના પગમાં પડ્યા અને કહે, દામોદર મને માફ કરી દે.” આમ, આ જ વારસો ગુણાતીતાનંદ સ્વામીએ વહન કર્યો છે મિત્રો, બીજું કંઈ જ નથી. હજુ મારે તમને થોડીક વાતો કહેવી છે જે તમને જરૂર ગમશે.

ગુણાતીતાનંદસ્વામી વડતાલથી જૂનાગઢ તરફ પાછા વળતા હતા. એવામાં વચ્ચે વાગડ ગામ આવ્યું. વાગડ ગામની પાસે

અણિયાળી ગામમાં આત્માનંદસ્વામી રહેતા હતા. આત્માનંદસ્વામીની ઉંમર ૧૧૬ વર્ષની થઈ ગયેલી અને તેમને વાગડ ગામનું જ પાણી ફાવતું એટલે તેઓ ત્યાં જ રહેતા. ગુણાતીતાનંદસ્વામી આત્માનંદસ્વામીને મળવા આવ્યા. સ્વામી કારણ વિના તો ન જ આવ્યા હોય. તેમણે જેવો પગ મૂક્યો કે તરત જ આત્માનંદસ્વામી બેઠા થઈ ગયા અને બથમાં ઘાલીને ભેટી પડ્યા. આત્માનંદસ્વામી કહે, "ઓહોહો... બેસો સ્વામી બેસો. સ્વામી ! હું એવા વિચાર કરતો હતો કે મને ૧૧૬ વર્ષ થઈ ગયા. ૩૦ વર્ષ મહારાજ ભેળો રહ્યો અને ૩૦ વર્ષથી વિયોગ સહન કરું છું. બીજા દાંત પણ ફૂટી ગયા છે. છતાં સ્વામી, મને મહારાજ તેડવા કેમ નથી આવતાં ? સ્વામી, મારી શું કસર છે? મારામાં શું ખામી છે? એકવાર આ જ પ્રશ્ન લઈને હું જૂનાગઢ આવ્યો હતો. પણ સ્વામી તે વખતે તમે સોરઠમાં ફરવા ગયા હતા. ઘણા દિવસો સુધી તમે આવ્યા નહીં અને મને જૂનાગઢનું પાણી ફાવ્યું નહિ. હું ભેળું પાણી લાવ્યો હતો, તે પણ ખૂટી ગયું એટલે અહીં પાછો આવ્યો. પણ આજે તમને મહારાજે સામેથી મોકલ્યા છે. તો મારી શું કસર છે, એ મને કહો."

સ્વામી કહે, "સ્વામી, આપને તો મહારાજે પોતાના 'ભાઈ' તરીકે સ્વીકાર્યા છે, એટલે બીજી તો શું કસર હોય? કોઈ કસર નથી. પણ હા, ફક્ત ઉપાસનાની સમજણમાં કસર છે, એ ટાળી નાખો એટલે મહારાજ તમને ધામમાં તેડી જશે. સ્વામી, મહારાજને તમારી પર ખૂબ હેત છે. તમારે બીજો ફેરો ન ફરવો પડે એટલા માટે જ તમને હજુ સુધી રાખ્યા છે."

આત્માનંદસ્વામી કહે, “હે સ્વામી ! મારી ઉપાસનામાં એવી તે શું ખોટ છે ?”

ગુણાતીતાનંદસ્વામી કહે, “સાંભળો સ્વામી, જ્યારે જ્યારે ઉપાસનાની વાત નીકળતી, ઉપાસના પર ચર્ચાઓ થતી, ત્યારે તમે એમ બોલતા કે, ‘એ...છોડો આ બધું. એમ શેર ને અચ્છેર વળી શું જોખો છો ?!’ આમ કહીને તમે વાત ટાળી નાંખતા. તેથી કોઈ વાત કહેતું નહીં.”

આત્માનંદસ્વામી કહે, “હા સ્વામી, એ સાચું સ્વામી, હું તો હજુ પણ એમ જ સમજું છું કે જે શ્રીકૃષ્ણ હતા તે જ આ રાજાધિરાજ શ્રીજી મહારાજ છે. શ્રીજી મહારાજ અને શ્રીકૃષ્ણ બંને એક જ છે. સ્વામી, હવે આપ જ સમજાવો કે હું કેમ સમજું ?”

પછી ગુણાતીતાનંદસ્વામી એક પછી એક ઉપાસનાના વચનામૃતો કઢાવી વંચાવતા જાય અને ઉપાસનાનું રહસ્ય સમજાવતા જાય. પછી સ્વામીએ કહ્યું, “આત્માનંદસ્વામી, સાંભળો. વ્યાપકાનંદ સ્વામીને મહારાજનો સર્વોપરીપણાનો નિશ્ચય નહોતો થતો, ત્યારે મહારાજે સમાધિ કરાવીને તેમને અક્ષરધામમાં મોકલ્યા. વ્યાપકાનંદ સ્વામીએ અક્ષરધામમાં મહારાજની પૂજા કરી, અને પછી સ્વામીને વિચાર આવ્યો કે આ અનંત મુક્તો બેઠાં છે, તેમની પણ મારે પૂજા કરવી છે ! પણ એકકળાવચ્છિન્ન પૂજા કઈ રીતે કરું ? ત્યારે મહારાજે વ્યાપકાનંદસ્વામીને કહ્યું, “સ્વામી, એક-એક અવતારના નામ લઈને કહો કે તેમાંથી જો કોઈ સર્વાવતારી હોય તો હું અનેકરૂપે થાઉં. અને એકકળાવચ્છિન્ન થઈને સર્વ મુક્તોની પૂજા કરું. આવો સંકલ્પ કરો.”

વ્યાપકાનંદસ્વામીએ સંકલ્પ કર્યો પણ અનંતરૂપે ન થવાયું. ત્યારે મહારાજે કહ્યું કે, “સ્વામી, અમારું નામ લઈને સંકલ્પ કરો કે, જો આ સહજાનંદ સ્વામી સર્વાવતારી પુરુષોત્તમનારાયણ હોય, તો હું અનંતરૂપે થાઉં અને એક કળાવચ્છિન્ન પૂજા કરું.” વ્યાપકાનંદ સ્વામીએ આવો સંકલ્પ કર્યો કે તરત જ તેઓ અનંતરૂપે થયા, અને તેમણે મહારાજની સાથે મુક્તોની પૂજા કરી. આત્માનંદ સ્વામી, આ પ્રસંગ તો આપ જાણો છો ને?”

આત્માનંદસ્વામી કહે, “હા સ્વામી, જાણું છું.”

વળી, ગુણાતીનંદસ્વામી કહે, “નાગડકા ગામમાં વ્યાપકાનંદ સ્વામીની નજર સામે, મહારાજની મૂર્તિમાંથી ચોવીસ અવતારો પ્રગટ થયા અને મહારાજની મૂર્તિમાં જ લીન થઈ ગયા, ત્યારે પણ તમે હાજર હતા. એ પ્રસંગ યાદ છે ને ?”

આત્માનંદ સ્વામી કહે, “હા સ્વામી, યાદ છે.”

ગુણાતીતાનંદ સ્વામી આગળ કહે, “સ્વામી, પર્વતભાઈનો પ્રસંગ પણ જાણો છો ને? પર્વતભાઈને મનમાં સંકલ્પ થયો કે, ભગવાને નૃસિંહ અવતાર કેવી રીતે ધાર્યો હશે ? તરત જ ચોવીસ અવતારો તેમની સામે પ્રગટ થયા અને પછી મહારાજની મૂર્તિમાં લીન થયા. (નિષ્કુળાનંદ સ્વામીએ આ પ્રસંગનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે.) એ કથા પણ આપ જાણો છો ને?”

આત્માનંદસ્વામી કહે, “હા સ્વામી, એ કથા પણ જાણું છું.”

પછી ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું, “સ્વામી, આ બધા પ્રસંગોનો

અર્થ શું છે ? અવતાર અવતારીમાંથી પ્રગટ થાય અને અવતારીમાં જ લીન થાય, પણ અવતારી ક્યારેય અવતારમાં લીન થાય નહીં. તેથી સર્વ અવતાર એ શ્રીજી મહારાજના અને સર્વ અવતારના ધારણ કરનારા અવતારી 'સહજાનંદ સ્વામી' પુરુષોત્તમ, આવી ગેડ પાડો તો મહારાજ તમને ધામમાં લઈ જાય."

આ રીતે ગુણાતીતાનંદસ્વામીએ આત્માનંદસ્વામીને ઉપાસનાનું રહસ્ય સમજાવ્યું અને જતાં જતાં તેમણે શિવલાલ શેઠને કહ્યું કે, "શિવલાલ, હવે સ્વામીને મહારાજ ધામમાં લઈ જશે."

સંવત ૧૯૧૬ના જેઠ વદી છઠના દિવસે મહારાજ આત્માનંદ સ્વામીને ધામમાં તેડી ગયા. પછી આત્માનંદસ્વામી પોતે પણ મહારાજને લઈને શિવલાલ શેઠને તેડવા આવ્યા છે. એ પ્રસંગ તો અત્યંત રોચક છે.

હવે કોઈને પ્રશ્ન થાય કે, અવતાર અને અવતારી નોખા ન પાડીએ તો તેમાં શું ફર્ક પડી જવાનો ? આને અવતાર કહો ને આને અવતારી કહો, તેમાં શું ફેર પડવાનો છે ? આખરે ભગવાન તો એક જ છે. તો અવતાર-અવતારી એવો ભેદ શા માટે પાડો છો ? તેનો અર્થ શું ?

ઘણાને એમ પ્રશ્ન થાય કે, જે પૂર્વે શ્રીકૃષ્ણ હતાં એ જ આ શ્રીજી મહારાજ છે એમ કહો અથવા તો શ્રીજી મહારાજે પૂર્વે કૃષ્ણાવતાર ધારણ કર્યો હતો એમ કહો, એમાં વળી શું વધારે ફેર પડી જાય છે ? આખરે તત્ત્વ તો એક જ છે ને !

ગુણાતીતાનંદસ્વામી એક સરસ દૃષ્ટાંતથી આ બાબત સમજાવે છે. સ્વામીના આ દૃષ્ટાંતને જો બરાબર સમજી લેવામાં આવે તો ગુણાતીતાનંદ સ્વામીનાં વચનોનો જે વિરોધ છે, તે સદાને માટે ટળી જાય. ગુણાતીતાનંદસ્વામી કહે છે કે, પડાણા ગામનો વાછરાદાદાનો એક ભૂવો માગતો માગતો દ્વારિકા ગયો. દ્વારિકાધીશના શણગારનું રૂપ જોઈને ભૂવો એમ બોલ્યો, ‘‘ભોય અસાજો વાછરો...! ભોય અસાજો વાછરો...! અસાજે વાછરે રૂડા રણછોડરાયકો કેડો રૂપ દિનો આઈ ! આહાહા...! મારા વાછરાદાદાએ રણછોડરાયને કેવું રૂપ દીધું છે ?!’’ લ્યો...! વાછરાદાદા રણછોડજીને રૂપ આપે? રણછોડજીને ઐશ્વર્ય આપે? કે રણછોડજી એને રૂપ અને જીવન આપે ? એટલે સ્વામી કહે કે, (આ વાક્યો ઉપર તમારા પ્રશ્નોનો હાર્દ છે.) ‘‘શ્રીજી મહારાજને બીજા અવતાર જેવા કહેવા મહારાજને બીજા અવતારને લઈને કહેવા એ વાછરાદાદાના ભૂવા જેવી વાત છે !’’

તમે સૌભરી ઋષિની કથા જાણો છો. સૌભરી પચાસરૂપે થયા તેમાં એક તો મૂળ સૌભરી હશે જ અને એમાંથી જ બીજા ઓગણપચાસ રૂપ થયા હશે ને ?! તો જે ઓગણપચાસ રૂપ છે તેને લીધે મૂળ સૌભરીનું રૂપ છે કે આ એક મૂળ સૌભરીને લીધે સૌભરીના બીજા ઓગણપચાસ રૂપ હશે? હકીકતમાં મૂળ સૌભરીને લીધે જ બીજા ઓગણપચાસ રૂપ સૌભરી પ્રગટ્યા છે પણ ઓગણપચાસ રૂપો દ્વારા મૂળ સૌભરી પ્રગટ ન થાય ! સાગરમાંથી તમે પાણીના સેંકડો ઘડા ભરો તો જળતત્ત્વ તો બંનેમાં એક જ છે,

પણ સેંકડો ઘડાને સાગર ભરી શકે, જ્યારે સેંકડો ઘડા ભેગા કરવાથી સાગર ક્યારેય ન ભરાય. એમ મૂળ સૌભરી પચાસ તો શું, સો નવા રૂપ પ્રગટ કરી શકે, કારણ કે તેમાં એક મુખ્યરૂપ સૌભરીનું છે. એ ઓગણપચાસ રૂપ જ્યારે લીન થવાના હશે ત્યારે મૂળ રૂપમાં લીન થઈ જશે, પણ મૂળ રૂપ અન્ય ઓગણપચાસ રૂપમાં ક્યારેય લીન નહિ થાય અને થઈ પણ ન શકે. આ ભેદ છે.

હવે કોઈને પ્રશ્ન થાય કે, કોઈ કન્યા પચાસ રૂપોમાંથી અડતાલીસ નંબરના સૌભરીને પરણે અને તેને પતિ તરીકે સ્થાપે તો કોઈ સુડતાલીસમાં નંબરના સૌભરીને પરણે અને તેને પતિ તરીકે સ્વીકારે તો તેમાં તેને કોઈ દોષ લાગી જાય? બંનેના સુખમાં શું કોઈ ભેદ પડી જાય ? ના, કોઈ જ દોષ ન લાગે, કોઈ જ ભેદ ન પડે ! કારણ કે બધા રૂપ સમાન છે. બધા રૂપ સૌભરીના જ છે.

તો કોઈ એમ કહે કે, બધા જ રૂપ સૌભરીના છે, તો તેમાં મૂળરૂપ-અન્યરૂપ એવો ભેદ શા માટે પાડો છો ? વાત એકદમ સાચી છે. સૌભરીના કેસ(Case)માં કોઈ ભેદ ન પડે ! શા માટે ? કારણકે, દરેક રૂપનું નામ, રૂપ, ઐશ્વર્ય, સામર્થ્ય સમાન છે. એટલે તમે પ્રથમ નંબરના સૌભરીને પકડો કે છેલ્લા નંબરના સૌભરીને પકડો તો પણ સુખ, સમૃદ્ધિ, રૂપ, ઐશ્વર્ય બધું સમાન જ મળશે.

પરંતુ મૂળ બાબત હવે સમજો. એ જ મૂળસૌભરી બે અન્ય રૂપ-બે અલગ રૂપ ધારણ કરીને કુલ ત્રણ ભિન્નરૂપે થાય, એક અત્રિ રૂપે થાય અને એક અગત્સ્ય રૂપે થાય અને એક મૂળ સ્વરૂપ સૌભરીરૂપે થાય, તો પછી શું થાય? ખરી દ્વિધા હવે ઉદ્‌ભવે છે,

કારણ કે સંજોગ અનુસાર, સ્થિતિ અનુસાર (અલગ અલગ) નામ, રૂપ, ઐશ્વર્ય, સામર્થ્ય ધારણ કરીને સૌભરીઋષિ, અત્રિ અને અગત્સ્ય રૂપે પ્રગટ થયા હોય તો, દરેક રૂપને અનુરૂપ નામની ભિન્નતા, રૂપની ભિન્નતા, ગુણની ભિન્નતા, ઐશ્વર્યની ભિન્નતા, સામર્થ્યની ભિન્નતા અચૂક રહેશે જ. હવે, ઋષિકન્યા સાથે તેમના લગ્ન થશે ત્યારે ઋષિકન્યાના મનમાં દ્વિધા અચૂક રહેવાની કે, આમને વરું કે આમને વરું ? આમને પરણું કે આમને પરણું ? જ્યારે સમજણમાં, પસંદગીમાં દ્વિધા થાય છે ત્યારે નિષ્ઠામાં દ્વિધા ઉત્પન્ન થાય છે અને પરિણામે પ્રાપ્તિમાં ફેર પડે છે. સામે તત્ત્વ કરતાં વિશેષ તો આપણા મનને જે અસર કરે છે તે અને જેને લીધે સ્વરૂપમાં દ્વિધા પેદા થાય છે તેને લીધે પ્રાપ્તિમાં ફરક પડે છે.

હવે સમજો કે, એક ઋષિકન્યા સૌભરીને પરણે છે. પણ એ એવું ધારીને પરણે છે કે, જે પેલા અત્રિ છે તે આ સૌભરી છે. તે બોલો હવે કન્યાને મુખ્ય કોણ રહેશે? અત્રિ જ રહેશે ને? હવે જો અત્રિ ન હોય તો કન્યા લગ્ન નહિ કરે કારણ કે કન્યાના મનમાં જે નિષ્ઠા ટકી છે, તે અત્રિના લીધે ટકી છે. આમ, તેના મનમાં અત્રિ મુખ્ય છે અને સૌભરી ગૌણ છે. આ જ રીતે, અન્ય અવતારોને લીધે શ્રીજી મહારાજ છે એમ કહીએ ત્યારે જે અવતારને લીધે શ્રીજી મહારાજને કહીએ તે અવતાર મુખ્ય થાય અને શ્રીજી મહારાજ ગૌણ થાય! આ સાયકોલોજી છે. જો આ ન સમજો તો અવતાર-અવતારીનો ભેદ જિંદગીમાં કોઈ દિવસ ન ઉકલે ! ગૌણને લીધે મુખ્યને કહીએ એટલે વૃત્તિમાં ગૌણ જ ઘૂમ્યા કરે. કન્યા મૂળ તો સૌભરીને પરણી, પણ સૌભરીને અત્રિ સમજીને પરણી માટે તેની

વૃત્તિમાં અત્રિ જ ઘૂમ્યા કરે. એવી રીતે શ્રીજી મહારાજને અન્ય અવતારને લઈને કહો તો મનની વૃત્તિમાં શ્રીજી મહારાજના બદલે અન્ય અવતાર જ ઘૂમશે. જો કોઈ શ્રીજી મહારાજને શ્રીકૃષ્ણને લીધે કહે તો શ્રીકૃષ્ણની ઝલક શ્રીજી મહારાજમાં મળે તો જ સ્વીકારે, ન મળે તો ન સ્વીકારે. આવી સમજણને કારણે તે સહજાનંદ સ્વામીને આશરે છે. માટે તેના મનમાં દ્વિધા અચૂક પેદા થાય.

ગોપાળાનંદ સ્વામીએ 'પુરુષોત્તમ નિરૂપણ' કર્યું છે એ ગ્રંથમાં તેમણે આ પ્રસંગ વર્ણવ્યો છે. એક હરિભક્તને મહારાજે કહ્યું, "જાઓ ભગત અક્ષરધામમાં જઈ આવો!" એટલે એ ભગત સમાધિ કરીને ઉપડ્યા ! સમાધિમાં આ ભગત બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ અને ગોલોક થઈને અક્ષરધામમાં ગયા. ત્યાં મહારાજ રાજાધિરાજપણે સિંહાસન પર બિરાજમાન છે. મહારાજે કહ્યું, "ભગત, કયાં-કયાં જઈને આવ્યા ?" ભગત કહે, "મહારાજ, હું બદ્રિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ અને ગોલોક થઈને આવ્યો. પણ મહારાજ, મારે તમને એક પ્રશ્ન પૂછવો છે. હું ચારેય ધામ ફરીને આવ્યો ત્યાં આપણા સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો વગેરે બિરાજે છે. પણ તેઓ અહીં અક્ષરધામમાં કેમ નથી પહોંચ્યા?" મહારાજ કહે, "સાંભળો ભગત, જેણે મને જેવા ધામના પતિ જાણ્યા તેઓ તેવા ધામને પામ્યા. જેણે મને વૈકુંઠપતિ જાણ્યા તે વૈકુંઠને પામ્યા. જેણે મને ગોલોકપતિ જાણ્યા તે ગોલકને પામ્યા અને જે મને સર્વાવતારી, સર્વોપરી, અક્ષરધામના અધિપતિ જાણશે તે જ અક્ષરધામને પામશે. માટે તે સંતો, પાર્ષદો, બ્રહ્મચારીઓ અહીં નથી પહોંચી શક્યા. હવે જો હું એમને પંડે સમજાવવા જાઉં તો પણ તેઓ માને નહિ અને ઉલટાનું

એમ કહે કે, 'તમે અમને ભરમાવવા આવ્યા છો, પણ હવે અમે તમારા સ્વરૂપમાંથી પડીએ એવા નથી.' એટલે એ બધા અહીં ન આવે. જ્યારે આ અક્ષરમુક્તો છે તેમણે અમને અક્ષરધામના પતિ જાણ્યા છે, માટે અમે તેમને અક્ષરની પંક્તિમાં ભેળવીને અમારી સેવામાં રાખ્યા છે."

વળી, મધ્યના નવમા વચનામૃતમાં મહારાજ કહે છે કે, "જો આવી પુરુષોત્તમના સ્વરૂપની દૃઢ નિષ્ઠા ન હોય તો તે બ્રહ્મલોકને પામે અથવા અન્ય દેવતાના લોકને પામે પણ અક્ષરધામને વિષે તો ન જ જાય !"

બીજો પ્રસંગ : આ પ્રસંગ ઉમરેઠ ગામનો છે અને "અક્ષરાનંદ સ્વામીની વાતો"માં ૬૧૯મી વાતમાં આ પ્રસંગ વર્ણવેલો છે.

ઉમરેઠમાં એક ભટ્ટ બ્રાહ્મણ હતા. તે ખૂબ સુખી-સંપન્ન હતા. તેમની પાસે એક જણે આવીને કહ્યું, "બાપજી, આ મારા ઘરનો દસ્તાવેજ ગીરવે રાખો અને મને થોડાક રૂપિયા આપો!" બ્રાહ્મણ બાપા સત્સંગી હતા એમણે પૈસા આપ્યા. પણ તેમણે એવી શરત મૂકી કે જે દિવસે પૈસા પાછા મળે તે દિવસે દસ્તાવેજ પરત કરવો. હવે પૈસાની સગવડ જલદી થઈ નહીં અને પેલા ભટ્ટબાપા કે જેમણે મકાન ગીરવે રાખીને પૈસા આપ્યા હતા તે તો થોડા સમય પછી મહારાજના ધામમાં સિધાવી ગયા.

થોડા સમય પછી પૈસાની સગવડતા થઈ એટલે તે ભાઈએ ભટ્ટબાપાના દીકરા પાસે આવીને કહ્યું, "લ્યો, આ તમારા પૈસા ને અમારા ઘરનો દસ્તાવેજ પાછો આપો." હવે દીકરાઓને ભટ્ટ

બાપાએ દસ્તાવેજ વિષે કંઈ વાત પણ નહોતી કરી કે કંઈ ભલામણ પણ નહોતી કરી એટલે તેમને દસ્તાવેજ મળ્યો નહીં. તેથી દીકરાઓ મૂંઝાણા.

એ વખતે ગોપાળાનંદસ્વામી ઉમરેઠમાં આવ્યા. દીકરાઓ જઈને સ્વામીના પગમાં પડ્યા અને સ્વામીને બધી વાત કરી. સ્વામીએ એક સાધુ કેશવજીવનદાસને કહ્યું, “જાઓ સ્વામી, સમાધિ કરીને અક્ષરધામમાં જાઓ અને તેના બાપાને દસ્તાવેજ વિષે પૂછી આવો !”

હવે આ સમાધિ વિષે જરા સમજવાની જરૂર છે. અત્યારે ઘણા હાલી-મવાલીઓ સમાધિનો ડોળ કરીને સમાજને છેતરતા હોય છે. ગુણાતીનંદસ્વામીએ લખ્યું છે કે, એક સાધુ સમાધિનો ડોળ કરતો હતો. કોઈ તેને પૂછે કે, “સ્વામી, મારો ભાઈ ધામમાં ગયો છે. તો તે કયા ધામમાં ગયો હશે ?” પછી આ સાધુ આંખો મીંચીને, નાકના ફોયણાં ફુલાવીને થોડીવાર પછી આંખો ખોલીને કહે કે, “તમારા ભાઈ અત્યારે ગોલોકમાં બેઠા છે!” તો કોઈને કહે કે તમારા બાપા વૈકુંઠમાં બેઠા છે ! તો વળી કોઈને કહે કે તમારા કાકા બદ્રિકાશ્રમમાં તપ કરે છે ! લોકો આ સાધુને બહુ માનવા લાગ્યા.

હવે એક દિવસ એક ભણેલોગણેલો માણસ આ સાધુ પાસે આવ્યો અને કહ્યું, “સ્વામીજી, મારા બાપા કયા ધામમાં ગયા છે ?” પેલા સાધુએ આંખો બંધ કરી અને થોડીવાર પછી કહ્યું, “તારા બાપા અત્યારે ગોલોકમાં બેઠા છે !”

“સ્વામીજી, મારા બાપાને ત્યાંથી બોલાવો ને! મારે તેમનું

થોડુંક કામ છે.''

''મૂર્ખ, તારો બાપ ત્યાંથી આવતો હશે?''

''કેમ ન આવે?''

''ના, ન આવે !''

''હું બોલાવું અને આવે તો?!''

''અરે મૂર્ખ, ન આવે. તારા બાપનો બાપ બોલાવે તોય ન આવે !''

''પણ સ્વામીજી, મારે તો મારા બાપને જ બોલાવવાના છે અને હું બોલાવીશ એટલે તે ચોક્કસ આવશે !''

''સારું ત્યારે બોલાવ તારા બાપાને!''

છોકરો ઊભો થયો અને સભામાં જ્યાં તેના બાપા બેઠા હતા ત્યાં જઈને કહે, ''બાપા, ચાલો સ્વામી પાસે.'' બાપા પેલા સાધુ પાસે આવ્યા અને કહે, ''તારે મને જીવતો મારી નાખવો છે ! એક પગરખું પડશેને તો તારું મોઢું ફરી જશે. આ ડીંડક છોડી દે, નહીંતર મારા જેવો કોઈ ભૂંડો નથી.'' પેલા સાધુની સમાધિ ક્યાંય જતી ગઈ !

ગોપાળાનંદ સ્વામીને આવો કોઈ ડોળ નહોતો. તેમણે કેશવજીવનદાસજીને સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યા. કેશવજીવનદાસજી સ્વામી અક્ષરધામનો આખો આંટો મારીને પાછા આવ્યા અને કહે, ''સ્વામી, આમના બાપુજી ત્યાં નથી'' એટલે

ગોપાળાનંદસ્વામીએ દીકરાઓને પૂછ્યું "દીકરાઓ, તમારા બાપાને કયા સાધુ સંગાથે હેત હતું ?" દીકરાઓ કહે, "અમોઘાનંદ સ્વામી સાથે." ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, "અમોઘાનંદ સ્વામી ! અરે એ પણ દેહ છોડી ગયા છે ! બંને વૈકુંઠમાં જ હશે. ત્યાં જવું પડશે. પણ સ્વામી, આ વખતે તમે રહેવા દો. આ છોકરાને પ્રતીતિ થાય એટલા માટે તેને જ મોકલીએ. એ જ તેના બાપાને દસ્તાવેજ વિષે પૂછી લેશે."

ગોપાળાનંદસ્વામી પાસે અદ્‌ભુત સામર્થ્ય હતું. તેમણે જેવી છોકરા સામે દૃષ્ટિ કરી કે તરત જ ઢળી પડ્યો અને સીધો વૈકુંઠ લોકમાં પહોંચી ગયો. તેણે ત્યાં જોયું તો સિંહાસન ઉપર રામચંદ્રજી મહારાજ બિરાજેલા છે, બાજુમાં અમોઘાનંદ સ્વામી રામકથા વાંચે છે અને પેલા ભૂદેવ પણ બેઠા બેઠા કથા સાંભળે છે. છોકરો આવ્યો એટલે તેને જોઈને બાપા કહે, "બેટા, તું શા માટે આવ્યો? શું મહારાજે તને પણ ઉપાડી લીધો ?!" છોકરો કહે, "ના બાપા, હું ગુંચવાઈ ગયો છું. પેલો દસ્તાવેજ ક્યાં મૂક્યો છે? કહેતા તો જાવું જોઈએ ને !" બાપાએ કહ્યું, આપણા ઘરનો મોભાર છે તેમાં એક પાટડો છે. પાટડામાં ડગળી પાડીને મૂક્યો છે. સુથારને બોલાવીને પાટડો ખોલાવીને દસ્તાવેજ આપી દેજે જા." છોકરો સમાધિમાંથી પાછો આવ્યો. તેણે ગોપાળાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી, દસ્તાવેજ તો મળી ગયો પણ મારો બાપ અક્ષરધામના બદલે વૈકુંઠમાં કેમ બેઠા છે?" ગોપાળાનંદસ્વામી કહે, "અમોઘાનંદસ્વામી શ્રીજીમહારાજને રામચંદ્રરૂપે જાણતા હતા. તેઓ એમ સમજતા કે જે પૂર્વે રામચંદ્ર હતા તે જ આ શ્રીજી મહારાજ છે. એમની સાથે તારા બાપાને હેત

એટલે તેમણે પણ તારા બાપાને એવી જ નિષ્ઠા કરાવી. માટે બંને ત્યાં વૈકુંઠમાં બેઠા છે. હવે અમે ત્યાં પોતે જઈને સમજાવીએ અને સમ દઈએ તો પણ એ બંને માને નહીં. માટે સંતો, ભક્તો, પાર્ષદો... તમે ઉપાસના ચોખ્ખી સમજજો. જો મહારાજની સ્વરૂપનિષ્ઠામાં ફેર રાખશો તો અક્ષરધામમાં નહિ પહોંચો.'' પછી છોકરાએ સુતારને બોલાવી ડગળી ખસેડીને દસ્તાવેજ કઢાવ્યો અને પેલા ભાઈને આપી દીધો. ભાઈ, કાલ સવારની આ વાત છે...!

આવું શા માટે થયું ? જ્યારે આપણે જેને લીધે સ્વરૂપની નિષ્ઠા કરીએ ત્યારે તેનું રૂપ, તેનું ધામ, તેનું ઐશ્વર્ય, તેના ભક્તો, તેના પાર્ષદો, તેના સંતો વગેરે મુખ્ય થઈ જાય. માટે જો શ્રીકૃષ્ણને લીધે શ્રીજી મહારાજ છે એમ કહો તો ગોલોક, રાધા-રમાદિક સખીઓ, તેમના અનુચરો, તેમના પાર્ષદો, ગોપીઓ, ગોવાળો...એ બધું મુખ્ય થઈ જાય.

આ ગપગોળો નથી પણ હકીકત છે.

હરિજીવનદાસજી શાસ્ત્રીને વંદન કરું છું. એમણે વચનામૃત ગ્રંથના આધારે 'વચનામૃત ભૂમિકા' ગ્રંથ લખ્યો. આ ઉપરાંત એમણે 'સુધા મેગેઝીન'ની કોલમમાં જે ચર્ચા કરી હતી તેને જે વિદ્વાન સાધુઓએ, ભક્તોએ વાંચી હશે તેમને ખ્યાલ હશે કે, 'વચનામૃત ભૂમિકા' ગ્રંથમાં હરિજીવનદાસજી શાસ્ત્રીએ શ્રીકૃષ્ણ અને ભગવાન શ્રી સ્વામિનારાયણને સમાન કરી નાખ્યા છે અને એ પણ મારી મચડીને ! (સીધી રીતે કર્યા હોય તો કોઈ વાંધો નહિ) એમણે પણ આ જ ભૂલ કરી. આવડા મોટા વિદ્વાન છે, છતાં પણ.... તેમણે

વચનામૃતના (મધ્યનું ૯મું, મધ્યનું ૧૩મું, અંત્યનું ૩૮મું વગેરેના) જે મુખ્ય વચનો હતાં, જે મહારાજ સ્વતઃ બોલ્યા હતા તેને પાછળ રાખીને, મહારાજના જે ગૌણ વચનો હતાં, જે વચનોને મહારાજ સદ્‌ગુરુની રૂએ બોલ્યા હતાં, જે વચનોમાં મહારાજે પોતાના સ્વરૂપને પરોક્ષ કરી નાખ્યું હતું તેને તેમણે આગળ કર્યાં, મુખ્ય કર્યાં. એટલે તેમણે સદ્‌ગુરુની ભૂમિકાએથી પ્રમાણો આપી આપીને મહારાજ અને શ્રીકૃષ્ણને સમાન ગણાવ્યા છે. (ભાઈ, વકીલાત તો ગમે તે રીતે થઈ શકે.) જે મૂળ હાર્દ હતું એને તેઓ ચૂકી ગયા છે, માટે આવું થયું છે. તેમણે અક્ષરધામનું વર્ણન પણ ગોલોક જેવું જ કર્યું છે માટે આમાં બહુ સમજવાની જરૂર છે.

હવે આવું થાય તેના પાંચ કારણો છે, જેની વિગતવાર ચર્ચા કરું છું.

કારણ : ૧

મહારાજની પાસે જે જે ભક્તો પહેલીવાર આવતા તેમને મહારાજમાં પોતાના ઈષ્ટદેવનું દર્શન થતું. જો ભક્ત રામઉપાસક હોય તો તેને મહારાજમાં રામનું દર્શન થાય ! કૃષ્ણઉપાસીને કૃષ્ણની ઝલક મળે. હનુમાનઉપાસીને હનુમાનનો સાક્ષાત્કાર થાય. પહેલીવાર જે મહારાજને જુએ તેને મહારાજમાં પોતાના અનન્ય ઈષ્ટનાં જ દર્શન થાય.

નથુ ભટ્ટ શ્રીકૃષ્ણના અનન્ય ઉપાસી હતા. તેથી તેમને તો મહારાજનું દર્શન કૃષ્ણરૂપે થાય! માટે નથુ ભટ્ટને મહારાજનો સર્વોપરી નિશ્ચય કઈ રીતે થાય ??? તેમને તો એમ જ લાગે કે, મહારાજ એ

શ્રીકૃષ્ણ જ છે ! એટલે તેમને સહજપણે બંને સ્વરૂપની સમાનતા આવે, આવે ને આવે જ !

આજે પણ કોઈ પૂર્વે રામના કે કૃષ્ણના ઉપાસી રહ્યા હોય કે વિષ્ણુ ઉપાસી રહ્યા હોય અને કોઈ સંતોના યોગથી સત્સંગી થાય. પછી તેને વાત કરીએ ત્યારે તે એમ જ કહે કે, "હા ભાઈ, જે પહેલાં હતાં એ જ આ મહારાજ છે. લાવો, લ્યો હવે પૂજા લઈ લઈએ !"

કારણ : ૨

મહારાજના પ્રાદુર્ભાવ માટે જે જે નિમિત્ત ઉદ્‌ભવ્યા તેને લીધે પણ ગુંચવાડો થાય છે. જેમ કે, દુર્વાસા ઋષિના શ્રાપનો પ્રસંગ જોઈએ. તેમાં નરનારાયણ ઋષિ ધર્મ અને ભક્તિને ત્યાં અવતાર ધારણ કરવાનું વચન આપે છે. શ્રીજી તરફ, વૃંદાવનમાં ધર્મ અને ભક્તિને શ્રીકૃષ્ણનાં દર્શન થાય છે અને શ્રીકૃષ્ણ પણ તેમને ત્યાં અવતાર ધારણ કરવાની ખાતરી આપે છે. આમ, આ નિમિત્તોને નજર સામે રાખીએ તો નિશ્ચયમાં અવશ્ય ગુંચ પડે !

કારણ : ૩

ત્રીજું કારણ, મહારાજ જે વચનામૃતમાં પોતાનાં સ્વરૂપનું પ્રતિપાદન પરોક્ષપણે કરે છે તે વચનામૃતો છે - મધ્યનું ૬૪મું વચનામૃત. તમે વાંચો તો તમને એમ જ લાગે કે કૃષ્ણાવતાર સર્વોપરી છે ! કારણ કે મહારાજ ખુદ સ્વમુખે કૃષ્ણાવતારનું પ્રતિપાદન કરે છે. એટલે એમ થાય કે આપણે જે સમજીએ છીએ કે "શ્રીકૃષ્ણ સર્વોપરી છે" તે બરાબર છે.

કારણ : ૪

ચોથું કારણ શિક્ષાપત્રી છે. શિક્ષાપત્રીનું જે આલેખન થયું તેમાં મહારાજે શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખ્યા છે. શા માટે? તો સમગ્ર વૈષ્ણવધારાને અખંડિત રાખવા માટે ! વૈષ્ણવપરંપરાને અખંડિત રાખવા માટે! વૈષ્ણવસંપ્રદાયને એક રાખવા માટે! અને એક શાસ્ત્રરચનાનો નિર્વાહ કરવા માટે! માટે મહારાજે મંગલાચરણથી માંડીને છેક છેડા સુધી શ્રીકૃષ્ણને કેન્દ્રમાં રાખીને શિક્ષાપત્રી લખી છે. એટલે તરત જ એમ થાય કે શ્રીકૃષ્ણ અને મહારાજને જુદા પાડવા જેવું નથી, ભાઈ !

કારણ : ૫

મહારાજે પોતાની હયાતીમાં જે જે મંદિરો સ્થાપ્યાં તેમાં તેમણે પોતાનાં અવતારોના સ્વરૂપો પધરાવ્યાં. પણ મહારાજ સમજતાં હતાં કે પાછળથી ગૂંચવાડો ઊભો થશે એટલે તેમણે વડતાલમાં પોતાનું સ્વરૂપ-હરિકૃષ્ણ મહારાજનું સર્વાવતારી, સર્વોપરી ધ્યેયસ્વરૂપ પધરાવ્યું. મુક્તાનંદ સ્વામી ના પાડતા હતા, છતાં મહારાજે હરિકૃષ્ણ મહારાજની સ્થાપના કરી. મહારાજે સ્વામીને કહ્યું, “સ્વામી, જીવને આમાં ખબર ન પડે એટલા માટે અમારે આ કરવું જ પડે !” આમ, પોતાની હયાતીમાં પોતાનાં અવતારોના સ્વરૂપોની સ્થાપના એ પાંચમું કારણ છે.

આ પાંચ કારણોને લીધે અવળું સમજાય છે અને સ્વરૂપનિષ્ઠાની દૃઢતા થતી નથી. એટલા માટે જ ઉમરેઠમાં ગોપાળાનંદસ્વામી આગળ મહારાજ દિવ્ય દેહે પ્રગટ થયા અને સ્વામીને કહ્યું, “સ્વામી,

મારું સર્વાવતારી પુરુષોત્તમપણું પ્રવર્તાવજો. નહીંતર આના આ દેહમાં તમને એક હજાર વર્ષ સુધી રાખીશું !!" "ભલે મહારાજ !" એમ કહીને પછી સ્વામીએ સર્વાવતારી પુરુષોત્તમપણાની જે વાતો કરી તે વાતો 'પુરુષોત્તમ નિરૂપણ' આજે સંપ્રદાયમાં સંગ્રહિત છે.

ગુણાતીતાનંદ સ્વામીને અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે, "સ્વામી, તમે મહારાજના સર્વોપરીપણાની વાતો કરો છો તે ઠીક પડે છે ?" સ્વામીએ કહ્યું, "આ તમારા ખજાનાની-કોઠારની જે ચાવી છે તે તમે કોને આપો?" અયોધ્યાપ્રસાદજી મહારાજ કહે, "એ તો કેશવપ્રસાદજીને જ આપું ને!" ત્યારે સ્વામી કહે, "એ કેશવપ્રસાદજીને આપો એમ આ સર્વોપરી ઉપાસનાની સમજણનો ખજાનો છે એ મને મારા બાપે (શ્રીજી મહારાજે) મારા કાનમાં ફૂંક મારીને આપ્યો છે અને આ ખજાનો અમને ભળાવીને ગયા છે. માટે અમે કહેશું...! કહેશું...! ને કહેશું...!" એમ કહીને ત્રણ વાર ટાપલી પોતાના સાથળ ઉપર મારી !

અમદાવાદમાં નિર્ગુણદાસસ્વામી મહારાજના સર્વોપરીપણાની વાતો કરે. તેને લીધે સાધુઓમાં થોડો ટંટોફિસાદ થયો અને નિર્ગુણદાસ સ્વામીને કાઢી મૂકવા સુધીની વાતો થઈ. સર્વોપરીપણાની વાતો કઠણ તો હશે જ, કારણ કે એ જમાનામાં આવી વાતો કહેવાથી ગોપાળાનંદ સ્વામીને પણ થોડી તકલીફો પડી હતી ! અરે, ગુણાતીતાનંદ સ્વામીને પણ થોડી તકલીફો પડતી હતી ! આમ, બંને દેશમાં તકલીફો થતી. તો નિર્ગુણદાસ સ્વામીને તો થાય જ. તેમને બીજે દિવસે કાઢી મૂકવાનું નક્કી થયું ! રાત પડી અને અયોધ્યાપ્રસાદજી મહારાજ સૂતા હતા ત્યાં તેજનો ધોધ છૂટ્યો અને તેમાં શ્રીજી મહારાજ પ્રગટ થયાં. ત્રણ

છોગલાવાળી શ્વેત પાઘ અને શ્વેત વસ્ત્રો ધારણ કરી રહેલાં મહારાજે અયોધ્યાપ્રસાદજી મહારાજને હાથમાં રહેલી છડી અડાડીને કહ્યું, “અયોધ્યાપ્રસાદ...!”

“અરે મહારાજ ! તમે...?!”

“હા, મેં તને શા માટે ગાદી ઉપર બેસાડ્યો છે ? આ મારો સાધુ મારું સર્વોપરીસ્વરૂપ ઓળખાવે છે એમાં તમને કચવાટ થાય છે ?! અને એમાં આટલો બધો ટંટો ?! આટલો બધો વિરોધ ?! અને તમે કંઈ પણ કરી ન શકો? કાલે સવારે આ ઝઘડો પતી જવો જોઈએ.”

“હા... હા... હા... મહારાજ ! કાલે હું આ બધું સરખું કરી દઈશ !”

અને બીજા દિવસે અયોધ્યાપ્રસાદજી મહારાજે નિર્ગુણદાસ સ્વામીના હાથે પંક્તિમાં પીરસાવીને બધા સાધુઓના મનનું સમાધાન કરાવ્યું. આ ઐતિહાસિક ઘટના છે.

વળી, ખુદ શ્રીજી મહારાજે પણ મધ્યના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે, “શાસ્ત્રોમાં તો બધી વાત લખી જ હોય, પણ પોતાના બુદ્ધિબળે એ ન સમજાય પણ સત્પુરુષ પ્રગટ થાય અને એ સમજાવે ત્યારે સમજાય.” હવે, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીથી મોટા સત્પુરુષ કોણ ? તેમનાથી મોટા સદ્‌ગુરુ કોણ ? માટે એમનાં વચનો શ્રીજી મહારાજના અભિપ્રાયને જ અનુસરે છે અને શ્રીજી મહારાજને પણ એ જ સમજાવવું છે.

એક ટંટોફિસાદ મધ્યના ૯મા વચનામૃત ઉપર ચાલે છે. એ વચનામૃતમાં મહારાજે એમ કહ્યું છે કે, “પોતાને મળ્યું એવું જે સર્વોપરી, સર્વાવતારી, પુરુષોત્તમનારાયણનું ભગવદ્સ્વરૂપ તેને બીજા અવતાર જેવું જાણે તો ભગવદ્સ્વરૂપનો દ્રોહ કર્યો કહેવાય !” એટલે ઘણા લોકો ખાંખાખોળા કરીને વચનામૃતની જૂની પ્રતો લાવે અને તે બતાવીને કહે કે, “આમાં જુઓ, આ જૂની પ્રતમાં ક્યાંય આ ‘દ્રોહ’ શબ્દ જ નથી ! ‘બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કહેવાય’ એવું છે જ નહિ ! આ તો પછીથી નાખેલું છે !!” હું એ પ્રશ્નના જવાબમાં એમ કહું છું કે, એમાં પછીથી નાખ્યું છે, પણ આ મેં અને તમે નાખ્યું છે ? એ સમયે ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી હાજર હતા અને એમણે આ ઉમેર્યું છે. તો તેમણે સમજી-વિચારીને જ ઉમેર્યું હશે ને ? છતાં પણ વિરોધ તો ન જ છોડે !

ચાલો, જો એ વાત ગળે ન ઊતરતી હોય તો બીજી રીતે સમજાવું. તમે “હરિવાક્ય સુધાસિન્ધુ” ગ્રંથ ખોલો. તેમાં સ્પષ્ટપણે કહ્યું છે કે, “બીજા અવતાર જેવા ન જાણવા.” હવે એ તો પાકું થઈ ગયું કે ગ્રંથમાં આવા શબ્દો છે જ. પણ ‘દ્રોહ’ શબ્દ નથી. તો એ શબ્દ તો મૂળભૂત છે. મધ્યના ૯મા વચનામૃતનો પ્રારંભ જ ત્યાંથી થાય છે. તે વચનામૃતમાં મહારાજ કહે છે કે, “જ્ઞાનમાર્ગ તો એવો સમજવો કે જેથી કરીને ભગવાનના સ્વરૂપનો દ્રોહ ન થાય.” આમ, ‘દ્રોહ’ શબ્દ તો શરૂઆતથી જ ચાલ્યો આવે છે. તેને પછીથી મૂકો કે ન મૂકો પણ તે અભિપ્રેત છે જ. આ તો ભક્તો નો’તા સમજી શકતા એટલા માટે મૂક્યો છે. બાકી મહારાજે આ વચનામૃતમાં જે

જે વાત કરી છે તે યથાર્થ ન સમજો તો દ્રોહ કર્યો કહેવાય જ, કારણ કે આ વચનામૃતનો પાયો 'દ્રોહ' જ છે. શરૂઆત જ 'દ્રોહ' શબ્દથી થઈ. એટલે તે મૂકો કે ન મૂકો, કંઈ ફેર પડતો નથી. આમ, 'દ્રોહ' શબ્દ છે જ. એટલે સર્વોપરી ન જાણે અને બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કહેવાય જ.

હવે એક દૃષ્ટાંતથી સમજાવું. પતિવ્રતા નારી પોતાના પતિ સિવાય બીજા કોઈ પણ પુરુષને પોતાના પતિ જેવો ન જાણે. બસ ફૂલસ્ટોપ મૂકાઈ જાય. તેનો પતિ એ જ તેનો પતિ. પતિવ્રતા નારી પોતાના પતિને કોઈ અન્ય સ્ત્રીના પતિ સાથે ક્યારેય ન સરખાવે. તે ક્યારેય એમ ન કહે કે, મારો પતિ તો કોઈ અન્ય સ્ત્રીના પતિ જેવો છે ! પતિવ્રતાને મન તો મારો ભગો એ મારો ભગો ! મારો મૂળો એ મારો મૂળો ! મારો ગાજર એ મારો ગાજર ! (હા ભાઈ, ઘણાયને એવા ગાજર જેવા ધણી હોય છે !!) આમ, પતિવ્રતા ક્યારેય પોતાના પતિની તુલના ન કરે. અને જો એ તુલના કરે તો તેનું પતિવ્રતાપણું નષ્ટ થઈ જાય, તેનું પાતિવ્રત્ય ભ્રષ્ટ થઈ જાય, તેના પતિનો દ્રોહ કર્યો કહેવાય. જો આ પતિવ્રતાભક્તિનો મહિમા સમજાઈ જાય તો મારે બીજું કશું જ સમજાવવું ન પડે !

હવે પછીના આ દૃષ્ટાંતને યથાર્થ ન લેતા. આ દૃષ્ટાંત ફક્ત સત્ય સમજાવવા પૂરતું જ કહું છું. આપણા નગરમાં દીવાન પધારે અને આપણે દિવાનને એમ કહીએ કે, "આપ તો અમારા રાજા જેવા છો !" તો એમાં કોઈ ઔચિત્યભંગ નથી થતો. ઉલટાનું સારું લાગે. પણ, રાજા પધારે ને પછી તમે રાજાને એમ કહો કે, "આપ તો

અમારા દીવાન જેવા લાગો છો !!" તો રાજા ઘાણીમાં ઘાલીને તેલ કાઢી નાખે, કારણકે એમાં રાજાનો અપરાધ થયો કહેવાય, રાજસિંહાસનનો અપરાધ થયો કહેવાય.

હવે થોડોક વિચાર કરો તો સ્પષ્ટ સમજાઈ જાય કે શ્રીજી મહારાજને અન્ય અવતારો જેવા જાણીએ તો દ્રોહ કર્યો કહેવાય. હવે, શ્રીજી મહારાજ અન્ય અવતાર જેવા જણાય કે ન જણાય એ તો હૃદયની વાત છે, ભક્તિની વાત છે. જ્ઞાનીઓ માટે બ્રહ્મ છે તે સમ છે. પણ ભક્તોને માટે બ્રહ્મ સમ નથી, પક્ષપાતી છે; અને તેઓ ભગવાનના સ્વરૂપ ઉપર, ભગવાનના રૂપ ઉપર ગુલતાન થાય છે.

હવે 'સર્વાવતારી-સર્વોપરી' શબ્દ ઉપર થોડું સમજવાની જરૂર છે. સર્વાવતારી જાણવા એટલે બીજા અવતારો જેવા ન જાણવા એ અર્થ બરાબર છે. પરંતુ એનો અર્થ એ નથી કે બીજા અવતારોને હડધૂત કરવા, તેમને વખોડવા, તેમની ટીકા કરવી, તેમની નિંદા કરવી, હા...! હા...! હા...! કરીને હાંસી ઉડાડવી. એવો અર્થ નથી.

ઘણા લોકો કહે છે કે, અવતાર છે એ તો પ્રકૃતિપુરુષના છે. કોઈ કહે છે કે, અવતારમાત્ર પ્રધાનપુરુષના છે. તો કોઈ અવતારને જીવકોટિ જણાવે છે. મધ્યના ૩૧મા વચનામૃતનો આધાર લઈને કોઈ કહે છે કે, અવતારમાત્ર વિરાટ નારાયણના છે. હકીકતે એવું નથી. શ્રીજી મહારાજ સ્વયં કહે છે કે, "વિરાટ નારાયણમાં પુરુષોત્તમનો પ્રવેશ થાય છે ત્યારે અવતાર પ્રગટ થાય છે. અને તેમાં સામર્થ્ય આવે છે. માટે તે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે." આમ અવતાર દ્વારા પુરુષોત્તમ જ પ્રગટે છે એ શબ્દને

નજરઅંદાજ કરીને, અવગણીને કહો જોઈએ કે, સર્વે અવતાર એ વિરાટનારાયણના છે. પણ જીસકી અક્કલ કૂત્તા ખા ગયા ઉસકો કૈસે સમજાયા જાયે કે આમાં સ્પષ્ટ લખ્યું છે કે સર્વે અવતાર વાસુદેવના છે. મધ્યના ૧૩મા વચનામૃતમાં મહારાજ કહે છે કે, "સર્વે અવતાર અક્ષરાતીત પુરુષોત્તમની મૂર્તિમાંથી જ પ્રગટ થાય છે અને તેમાં જ પાછા લીન થાય છે." વળી, મધ્યના ૬૪મા અને અંત્યના ૩૮મા વચનામૃતમાં મહારાજ કહે છે કે, "પુરુષોત્તમનારાયણના જે અવતાર છે તેમને માનવા, પૂજવા અને અવતારનું પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તે સર્વેને પણ માનવા." વળી, જ્યાં-જ્યાં ભક્તિની ચર્ચા છે ત્યાં-ત્યાં અવતારની ભક્તિગાથા સાંભળવાથી જ ભક્તિ ઉદય થાય છે, એમ વચનામૃતમાં મહારાજ સ્પષ્ટ કહે છે. વળી, પ્રથમના ૩જા વચનામૃતમાં મહારાજ કહે છે કે, "જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય, તેણે પણ ભગવાને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી." આમ, જે અવતારનો દ્રોહ કરે છે, એ અવતારીનો જ દ્રોહ કરે છે. બધા અવતાર શ્રીજી મહારાજના છે. હવે જે અવતારનો દ્રોહ કરે એણે તો શ્રીજીમહારાજનો જ દ્રોહ કર્યો કહેવાય.

ગોપાળાનંદ સ્વામીના ગ્રંથો તમે વાંચો. એ સર્વોપરીની વાતો કરનારા છે. પણ એમણે જે ગીતાભાષ્ય લખ્યું છે, ઉપનિષદ્ભાષ્યો લખ્યા છે અને બીજા જે ગ્રંથો લખ્યા છે તેમાં પણ અવતારોની સંપૂર્ણ સમજ અંગેના વિધાનો છે.

નિત્યાનંદ સ્વામી જેવા સર્વોપરીના કેન્દ્રમાં વર્તનારા, એમણે

પણ 'હરિદિગ્વિજય ગ્રંથ' લખ્યો છે. એમાં અવતારોની કેટલી બધી ભક્તિભાવના વ્યક્ત થઈ છે !

નિષ્કુળાનંદ સ્વામીએ પણ ઘણા ગ્રંથ લખ્યા છે. તેમના 'સ્નેહગીતા' ગ્રંથમાં અવતારોનું નિરૂપણ છે. શ્રીજી મહારાજ અવતારી છે. સર્વ અવતાર મહારાજના છે. માટે, અવતારની અવહેલના કરો તો અવતારીનો જ દ્રોહ થાય. આમ, અવતારોનો દ્રોહ કરનાર ગુરુદ્રોહી છે, વચનદ્રોહી છે. તે શ્રીજી મહારાજને સમજ્યા નથી.

ગુણાતીતાનંદ સ્વામી વિષે એમ કહેવાયું છે કે, ગુણાતીતાનંદ સ્વામીએ એક જણાને કહ્યું કે, "તું રામાયણ શું કામ વાંચે છે ?" સ્વામીએ કદાચ કોઈ એકને વ્યક્તિગત રીતે કહ્યું હોય તો એ સિદ્ધાંત નથી બનતો. પહેલા મહારાજને સર્વોપરી સમજો, પછી બીજું બધું વાંચો તો એમાં ખોટું શું છે ? પણ એવાં વાક્યો પકડી પકડીને સ્વામીનું લક્ષ્ય નથી સમજતા. સ્વામીને તો શ્રીજી મહારાજને સર્વાવતારી સમજાવવા છે. માટે ક્યાંય સહેજ મોળું દેખાય ત્યાં તેને સ્પષ્ટ કહે છે. પણ એક વ્યક્તિ પરત્વે કહેલું વાક્ય, એ કોઈ સિદ્ધાંત બનતો નથી.

વળી, ક્યારેક અવતાર-અવતારીનો ભેદ સમજાવતાં કોઈ કહે કે, "સ્વામી ! ભવાયો ને વેશ-એવી રીતે અવતાર ને અવતારી બાબતે સમજવું ? જેમ વેશ ધારણ કરનાર જુદા જુદા વેશ ધારણ કરે તેમ અવતાર-અવતારીનો ભેદ સમજવો ?" ત્યારે ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, "ના, ભવાયો ને વેશ એમ નહીં, પણ રાજા ને ઉમરાવ, તીર અને તીરનો તાકનાર, તારા ને ચંદ્રમા આ રીતે ભેદ સમજવો."

હવે લોકો સમજ્યા વગર આના અર્થઘટનો જુદી રીતે કરવા મંડે. પણ તે વખતે તો ગુણાતીતાનંદ સ્વામી પાસે સમય ન હતો અને તાત્ત્વિક ઝીણું સમજે એવા માણસો પણ ઓછા હોય ! તે વખતે કયાં લોકો ભાગવત ને ઉપનિષદો ભણીને બેસતા હતા? અવતાર-અવતારીનો ભેદ પાડીને, નોખું કરીને આટલું સમજાવતાં મને તો પરસેવો વળી ગયો ! તો ત્યારે તો ગુણાતીતાનંદ સ્વામીને તાત્કાલિક કામ કરીને લક્ષ્ય સાધવું હતું. સ્વામીનું લક્ષ્ય શું હતું ? "જો લોકો અવતારીને આમ ન સમજે તો થોડું આટલું કહેવાથી કદાચ સમજી જાય. આ બધું જુદું-જુદું છે ભાઈ. હાલ, આ અવતારીને ચોંટી જા, બસ આ અવતારીને વળગી જા !" આ લક્ષ્ય હતું સ્વામીનું ! તેમાં કોઈ અવતારોની ટીકા નહોતી. ટીકા એટલા માટે નથી જણાતી કારણ કે તેમનું સમગ્ર જીવન અને ચરિત્ર વાંચશો એટલે તમને ખ્યાલ આવશે કે સ્વામીનો રાધારમણદેવ પ્રત્યેનો (અવતાર પ્રત્યેનો) ભક્તિભાવ, અહોભાવ, પૂજ્યભાવ કેવો હતો ! સ્વામી કહે, "એ ભાઈ, મારા રાધારમણદેવ માટે જીરૂ લાવજો !" હવે આ બધી કથા કહેવા બેસું તો દિવસોના દિવસો વીતી જાય. આટલો બધો ભાવ ઉભરાતો હોય એ સંત અવતારની ટીકા કઈ રીતે કરી શકે ? પણ સત્સંગીઓનો મોક્ષ સાધવા માટે સ્વામીએ ઝડપ રાખી છે. જેવો માણસ એવી વાત કરીને મહારાજને અવતારી સમજાવ્યા છે. બાકી અવતારનું ખંડન નથી કર્યું.

મને ઘણી વાર અમુક લોકો કહે છે કે, "તમે કથા બહુ સારી કરો છો, વાતો બહુ સારી કરો છો પણ, વચમાં વચમાં રામાયણની

ચોપાઈઓ બહુ બોલો છો !!'' મેં કહ્યું, મારા ગુણાતીત બાપ પણ ચોપાઈઓ બોલતા અને સહજાનંદ સ્વામી પણ 'ज्याकि लगन रामसो नहि', 'एही कह्यो सुनु वेद चहुं', 'ज्याकुं प्रिय न रामवैदेही' (મધ્યનું ૫૭મું વચનામૃત) આવા તુલસીદાસના કીર્તનો બોલાવતા. ચોપાઈઓ પણ બોલતા ! આમ, જો મારા ગુણાતીત બાપ અને સ્વયં સહજાનંદ સ્વામી તુલસીદાસજીની ચોપાઈઓ બોલતા હોય તો મેં એવા તે શું પાપ કર્યા છે કે હું ન બોલું ? પાપ તો તે કર્યા છે એટલે તને સમજાતું નથી. આમ, અવતારોની ટીકા ન હોય, તેમની નિંદા ન હોય, તેમનો તિરસ્કાર ન હોય.

મને થોડા સમય પહેલા એક ભાઈ મળ્યા. ગામડેથી આવ્યા હશે. તેમણે મને કહ્યું, ''હમણાં અમારે ત્યાં એક સંતમંડળ આવ્યું'તું. એણે સર્વોપરીની શું વાતો કરી ! આ... હા... હા...! સ્વામી, વાત જ મેલી દ્યો. અરે રામ-કૃષ્ણનાં તો છોતરાં કાઢી નાખ્યાં !'' લો બોલો....! રામ-કૃષ્ણની તો કોઈ ગણતરી જ નહીં ! વળી, આગળ કહે, ''આપણે તો રામકૃષ્ણાદિકને માથું જ ન નમાવાય. અરે! એમનાં ભક્તોએ પણ નથી નમાવ્યું. મીરાંએ ન નમાવ્યું ! તુલસીદાસજીએ પણ ન નમાવ્યું !'' મેં કહ્યું, ''તુલસીદાસજીએ ક્યાં નથી નમાવ્યું?'' તો મને કહે, ''વૃંદાવનમાં રાધાકૃષ્ણના મંદિરમાં કૃષ્ણની મૂર્તિ આગળ તુલસીદાસ ગયા હતા ત્યારે તેમણે કહ્યું'તું કે, ''તુલસી મસ્તક તબ નમે, જબ ધનુષબાણ લિયો હાથ !'' હવે આ પ્રસંગ હું આખો કહેવા જાઉં તો ઘણો સમય જાય. હકીકતમાં આ પ્રસંગ એવો છે જ નહિ પણ એ ઊંધા ઊંધા દૃષ્ટાંતો આપી આપીને

મગજમાં ઊંધું ભરાવી દે છે. તુલસીદાસજી તો 'રામચરિતમાનસ'માં અસુરોનેય વંદન કરે છે, તો શું રામ અને કૃષ્ણ (મુસલમાન) અનાર્ય(?) છે કે એમને વંદન ન કરે? જડ-ચેતન જગતને વંદન કરનાર તુલસી રામ અને કૃષ્ણને વંદન ન કરે?! ભલા એ વાત જ જુદી છે. બ્રાહ્મણે મેણું માર્યું કે, "અહીં શું રાધાકૃષ્ણનાં દર્શને આવ્યો છે? તારા ઈષ્ટદેવ તો રામ છે." ત્યારે તુલસી કહે છે. "મહારાજ ! આનું મેણું ભાંગવા માટે ધનુષ્ય-બાણ હાથમાં લ્યો !" એટલે કહ્યું છે, 'તુલસી મસ્તક તબ નમે જબ ધનુષ બાણ લીયો હાથ' આવી કથા છે. પણ પ્રસંગો ખોટા કરી નાખીને લોકોને સિદ્ધાંત અવળા સમજાવીને ગુમરાહ કરે છે.

અવતારો મિથ્યા છે, અવતારો ખોટા છે-આવી રીતે અવતારોની ટીકા કરનારાની વાણી એ વિમુખ વાણી છે અને એવી વાણી ન સાંભળવી એ આપણો ધર્મ છે. સંભળાય જ નહીં.

હવે રહી વાત દેવતાઓની...! શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં સર્વ સત્સંગીઓને વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય - આ પંચદેવોને પૂજ્યપણે માનવાની આજ્ઞા કરી છે. સર્વ સત્સંગીઓ માટે આ પંચદેવો સ્વીકૃત છે. છતાં ઘણા લોકો તેના વિશે પણ મન ફાવે તેમ બોલે છે. અરે ! હનુમાનજીને તો શ્રીજી મહારાજે ઘણી જગ્યાએ સ્થાપ્યાં છે. ગણપતિજીની પણ ઘણી જગ્યાએ સ્થાપના કરી છે.

જૂનાગઢ મંદિરના નિર્માણ સમયે મંદિરના મધ્ય શિખરની ઉપરનું ઈંડું ઘણું મોટું બનાવ્યું હતું. એટલે સત્સંગીઓએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી ! આવડું મોટું હલ્લાડ(ઈંડું) બનાવ્યું છે તે

આ ચડશે કેમ ?'' સ્વામી કહે, ''આજ રાતે આવજો ને કેમ ચડે છે એ જોજો !'' રાત પડી એટલે બધા આવ્યા અને ઈંડાને સાંકળો અને કપ્પાથી બાંધીને ચડાવવા લાગ્યા. પણ ઈંડું ચડે નહીં. ધીમે ધીમે ઈંડું માંડ માંડ મધ્ય શિખરના ઘુમ્મટ સુધી આવ્યું. ત્યાં અચાનક એક વાંદરો આવ્યો. કૂદાકૂદ કરતો... હૂપાહૂપ કરતો... બધા કહે, ''આ વાંદરો ઈંડાં નીચે કચડાઈ જશે.'' સ્વામી કહે, ''એ સામાન્ય વાંદરો નથી પણ સ્વયં હનુમાનજી આવ્યા છે! તમે ઘુમ્મટ પાસે ઈંડાને સ્થિર કરો. હનુમાનજી ઈંડું ચડાવી દેશે !'' હનુમાનજી ત્યાં ઘુમ્મટ પાસે બેઠા ને ત્યાં બેઠા બેઠા પૂંછડાને લાંબુ કર્યું અને પૂંછડા વડે ઈંડાને પકડીને જ્યાં ગોઠવવાનું હતું ત્યાં ગોઠવી દીધું ! આજે પણ જૂનાગઢ મંદિરનું મધ્યશિખરનું જે ઈંડું છે તે સ્વયં આપણા હનુમાનજીએ જ ચડાવેલું છે.

બોલો, આમાં ક્યાં વિરોધ છે? ગુણાતીતાનંદસ્વામી કહેતાં કે, ''હનુમાનજી અમને એમ કહે છે કે, સ્વામી ! અમને કંઈક સેવાનો લાભ આપો ને...! માટે અમે હનુમાનજીને ઈંડું ચડાવવાની સેવાનો લાભ આપ્યો છે !''

તમે અમને (સાધુઓને) શું કામ પગે લાગો છો? અમે સ્વામિનારાયણનું ભજન અને સેવા કરીએ છીએ એટલે ને?! તો પછી આ દેવતાઓ કોનું ભજન કરે છે ? કોની સેવા કરે છે? કોનું દર્શન કરે છે? એ સહજાનંદ સ્વામીનું ભજન કરે છે ! નીલકંઠવર્ણીની સેવા કરે છે ! ઘનશ્યામ મહારાજનું દર્શન કરે છે ! શિવજી નીલકંઠવર્ણીને સાથવાનું ભોજન આપે છે! હનુમાનજી નીલકંઠવર્ણી

માટે પત્ર-પુષ્પ-ફળાદિ લાવી આપે છે! ઈન્દ્ર શ્રીજી મહારાજની આજ્ઞાથી વર્ષા કરે છે ! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ શ્રીજી મહારાજનાં દર્શને આવે છે ! હવે, જેની આંખનાય ઠેકાણાં ન હોય તેના દર્શન માટે તમે તળિયાં ઘસી નાખો છો અને આવા (મહાન) દેવતાઓની નિંદા...?! એક શિવજી જેવા તો થઈ જુઓ. એ ઝેરનાં કટોરા પીને 'નીલકંઠ' થઈને બેઠાં છે. કોઈ જો એક માખી પણ ખાઈ જાય તો હબળોક... દઈને બહાર નીકળી જશે અને કહે છે કે, અમે શિવને ના નમીએ, હનુમાનને ના નમીએ, ગણપતિને ના નમીએ. આવા લોકો વચનદ્રોહી છે કારણ કે આપણા સંપ્રદાયમાં દેવતાઓની સ્વીકૃતિ માન્ય છે. હા, કામણ-ટુમણ, જંતર-મંતર, દોરા-ધાગા, જાદુ-ટોણા આવું બધું જ દેવી-દેવતાના નિમિત્તે કરવામાં આવતું હોય એવા ક્ષુદ્ર દેવી-દેવતાઓનો સ્વીકાર ન કરવો એ સત્સંગીનો પરમ ધર્મ છે.

હવે એક અન્ય મહત્ત્વની બાબત પર થોડી ચર્ચા કરીએ. ગુણાતીતાનંદ સ્વામીનું પરમ લક્ષ્ય શું હતું ? સહજાનંદ સ્વામીને સર્વાવતારીરૂપે, પુરુષોત્તમરૂપે, સર્વોપરીરૂપે ઓળખાવવા સિવાય તેમનું બીજું કોઈ જ લક્ષ્ય નહોતું એ ત્રિકાલ સત્ય છે. પણ પોતાનો મહિમા વધારવો હતો પોતાને 'અક્ષરબ્રહ્મ' તરીકે મનાવવા હતા એવું તેમનું લક્ષ્ય નહોતું, એવું તેમના લોહીમાં ન હતું. એ પણ ત્રિકાળ સત્ય છે. એમને તો ફક્ત સહજાનંદ સ્વામીને અવતારી તરીકે ઓળખાવવા હતા. હા...! એમણે જરૂર 'હું અક્ષરબ્રહ્મ છું', 'હું સ્વયં મૂળઅક્ષર છું' એવો પોતાનો પરિચય કરાવવામાં જરાય આનાકાની કરી નથી. એનું એક કારણ છે. અક્ષરમુક્ત તો અનંત છે.

આ સત્સંગમાં પણ ઘણા સંતો-હરિભક્તો અક્ષરમુક્ત હતાં. પણ અક્ષરબ્રહ્મ તો કેવળ એક જ છે. 'અને એવો એકમાત્ર અક્ષરબ્રહ્મ એવો હું અનંત અક્ષરમુક્તો સાથે પુરુષોત્તમને ધારી રહ્યો છું. સાકાર સ્વરૂપે હું મહારાજની સેવામાં છું અને નિરાકારરૂપે અનંત બ્રહ્માંડોને પણ ધારી રહ્યો છું, એવો હું છું. માટે હું જેવા પુરુષોત્તમ સહજાનંદ સ્વામીને ઓળખું, એવું કોણ ઓળખે? અને હું ઓળખાવું એથી વધારે બીજું કોણ ઓળખાવશે?! માટે હું ઓળખાવું છું. એવી રીતે મહારાજને ઓળખો અને બીજાની વાત છોડી દ્યો.' એટલા માટે તેમણે ઘોષણા કરી છે કે, હું અક્ષરબ્રહ્મ છું, સ્વયં મૂળ અક્ષર છું. મારી વાતથી બીજાની વાત આગળ નહિ જાય અને મારી વાત શ્રેષ્ઠ છે માટે તે પ્રમાણે સમજો. પણ પોતાને અક્ષરબ્રહ્મ તરીકે ઉપસવું નહોતું, મનાવવું નહોતું, પૂજાવવું નહોતું.

હમણાં થોડા સમય પહેલા મને એક યુવાન મળ્યો હતો. તે અક્ષરપુરુષોત્તમમાં માનતો હતો. તે મને કહે, “અમે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ઉદ્‌ઘોષ કરીએ છીએ એવી રીતે તમે કેમ ઉદ્‌ઘોષ કરતા નથી ? વળી, તમે ગુણાતીત પરંપરાના જ સંત પણ છો !” મેં કહ્યું, “અમે ગુણાતીતાનંદ સ્વામીની પરંપરાના સાધુ ગુણાતીતાનંદ સ્વામીએ જે કાર્ય કર્યું તે જ કરીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામીને સર્વાવતારી પુરુષોત્તમનો જ ઉદ્‌ઘોષ કરાવવો હતો માટે અમે પણ પુરુષોત્તમનો જ ઉદ્‌ઘોષ કરીએ છીએ. પણ અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ કરાવવો નહોતો એટલે એ ઉદ્‌ઘોષ કરતા નથી. વળી, સમજી લેવું જોઈએ કે સંતમહિમાના અતિરેકમાંથી ફૂટી નીકળેલો

અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ છે! સંતમહિમામાંથી ફૂટી નીકળેલી એ અક્ષરપુરુષોત્તમની ઉપાસના છે! સંતમહિમાના અતિરેકમાંથી ફૂટી નીકળેલી વ્યક્તિ પૂજા છે. સંતમહિમાના અતિરેકમાંથી ફૂટી નીકળેલા એવા સંતોનું ધ્યાન, માનસીપૂજા, શ્રીજી મહારાજની સાથે સિંહાસનમાં સંતોની પ્રતિષ્ઠા... આ બધી ઊગી નીકળેલી માન્યતાઓ છે. સંતમહિમાના અતિરેકમાંથી આ બધું થાય છે.''

હું તમારી આગળ એક પૂરાવો રજૂ કરું છું. મારી પાસે બે યુવાનો આવ્યા. તેમાં એક મૂળ સંપ્રદાયનો હતો અને એક અક્ષરપુરુષોત્તમનો હતો. એ બંનેનો વિવાદ ચાલતો હશે પણ મને એની ખબર નહીં ! તેમણે આવીને મને કહ્યું, ''સ્વામી, સંતોનું ધ્યાન, માનસીપૂજા કરાય કે ન કરાય ?!'' મેં વચનામૃત બતાવ્યા અને કહ્યું, ''ન કરાય.'' શિક્ષાપત્રી બતાવી અને કહ્યું, ''ન કરાય.'' એટલે મૂળ સંપ્રદાયવાળો કહે, ''જોયું,... હું નહોતો કહેતો કે ન કરાય !'' ત્યારે પેલો યુવાન કહે, ''કરાય !!'' એમ કહીને બંને ગયા. વળી, બીજા દિવસે બંને પાછા આવ્યા. અક્ષરપુરુષોત્તમવાળા યુવાને આવીને કહ્યું, ''લો, આ વાંચો.'' એણે ''ભગવાન સ્વામિનારાયણ ભાગ-૪'' (હર્ષદભાઈ દવે લિખિત) એ ગ્રંથનો પાના નંબર ૪૧, ૪૨ અને ૪૩ ખોલીને મને વાંચવાનું કહ્યું. હું ટૂંકમાં તે પ્રસંગ રજૂ કરું છું : પછી બધા સંતો બેઠા એટલે મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, ''તમે સૌ સંતો, હરિભક્તો અમારા ધ્યાન-પૂજનથી મોક્ષ માનો છો. વળી, અમારા સંબંધવાળી વસ્તુ પણ મોક્ષપ્રદ છે એમ માનો છો. પરંતુ અમો ન હોઈએ ત્યારે તમે સૌ સંતો, ભક્તો મુક્તમુનિનું ધ્યાન કરો

તો મોક્ષ થાય કે ન થાય ?!! આ પ્રશ્નનો જવાબ આપો.'' - હરિચરિત્રામૃતસાગર, પુર ૧૭, તરંગ ૮૨. હવે આ તો આધારિત ગ્રંથનો પ્રશ્ન લાવી દીધો. મને તો વાંચતા વાંચતા થોડી મુંઝવણ થઈ ! કારણ કે આમાં તો લખ્યું જ છે.

हम न होवे जब ही मुक्तानंद मुनि के जन ।
ध्यान करे तब ही, मोक्ष होय न होय कहे ॥

પછી મહારાજના આ પ્રશ્નથી બધા મૂંઝવણમાં પડી ગયા. કોઈને ઉત્તર સૂઝતો નથી. મહારાજ કહે, ''એમ છૂટા ન પડાય બ્રહ્મમુનિ, આત્માનંદમુનિ, નિત્યાનંદમુનિ (બીજા સંતોના પણ નામ લખ્યા છે) બધા ભેગા થાવ, બુદ્ધિ કસો, શાસ્ત્રોના પ્રમાણ વિચારો ને ઉત્તર કરો.'' નિત્યાનંદ સ્વામી ઉત્તર સમજી ગયા હતા છતાં મૌન રહ્યા પણ કૃષ્ણાનંદ સ્વામીએ ઉત્તર કર્યો કે, ''મહારાજ, આપના વિના બીજાનું ધ્યાન કરે તેની ભક્તિ 'વ્યભિચારિણી' કહેવાય. અમે બીજાને આપના જેવા જાણીએ તો તો અમારો જન્મારો વ્યર્થ ગયો કહેવાય.'' આ સાંભળીને મહારાજ હસ્યા કે, ''તમને ઉત્તર કરતાં ન આવડ્યો ! તમને શાસ્ત્રની રુચિ નથી અને શાસ્ત્ર સમજ્યા પણ નથી !'' પછી નિત્યાનંદસ્વામી બોલ્યા કે, ''મહારાજ, શાસ્ત્રોમાંથી અને આપની વાતોમાંથી એમ રહસ્ય સમજાય છે કે જે સંત આપની તમામ આજ્ઞા પાળતા હોય, આપના ચરિત્રનું ગાન કરતા હોય તેવા સંતનું ધ્યાન કરવાથી મોક્ષ થાય છે, એમાં લેશમાત્ર શંકા નથી !!!''

- હરિચરિત્રામૃતસાગર, પુર ૧૭, તરંગ ૮૪.

પેલા યુવાને આવું શાસ્ત્રીય પ્રમાણ આપ્યું. એટલે હું વિચાર

કરતો થઈ ગયો. મેં તેને કહ્યું, "તમે મને ત્રણ દિવસ પછી મળજો." પછી મેં અમારા પાર્ષદ દ્વારા ગાંધીનગરમાં હરિપ્રકાશદાસજી સ્વામી પાસે 'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથની ખરાઈ કરાવી. પછી પ્રકાશિત થયેલા ગ્રંથની ઝેરોક્ષ કરી લાવ્યા અને એ ઝેરોક્ષ મેં એ ભાઈના હાથમાં આપીને કહ્યું, "એ જ પ્રશ્ન, એ જ પુર, એ જ તરંગ, આધારાનંદસ્વામી શું લખે છે? મહારાજ શું ઉત્તર આપે છે? એ તમે વાંચી લ્યો."

હવે હું મૂળ (ઓરીજીનલ)પ્રતમાં વર્ણવેલ આ પ્રસંગ રજૂ કરું છું : પછી મહારાજે પૂછ્યું કે, "અમારા ધ્યાન-ભજનથી તમે મોક્ષ માનો છો. પણ અમે ન હોઈએ તો મુક્તમુનિનું ધ્યાન કરે તો મોક્ષ થાય કે ન થાય?" ત્યારે સંતોને પ્રશ્નનો ઉત્તર સૂઝ્યો નહીં. શ્રીહરિ કહે, "તમે વિચારીને બોલો. બ્રહ્મમુનિ, આત્માનંદમુનિ, નિત્યાનંદ મુનિ વગેરે બધાય સંતો એકબાજુ બેસીને ઉત્તર કરો." બધા સંતો વિચારવા માંડ્યા. ત્યારે સમાધિનિષ્ઠ કૃષ્ણાનંદસ્વામી શૂરવીર હતા. એ સૌથી પહેલા બોલ્યા કે, "તમારા વિના જે બીજાનું ધ્યાન કરે તેનો ભાવ વ્યભિચારી છે. અમારે બીજા જનનું કામ નથી. તમારા સમાન બીજાને સમજીએ તો અમારો જન્મારો વ્યર્થ જાય." આવી રીતે બધા સંતોએ એક સમાન ઉત્તર આપ્યો. મહારાજ કશું બોલ્યા નહિ. ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, "પરીક્ષિત, પ્રિયવ્રત, પ્રહલાદ, ધ્રુવ વગેરે નારદજી જેવા સંતની સેવા ને વચનથી તરી ગયા છે. એવું વિધાન શાસ્ત્રોમાં પણ છે. માટે સંતની સેવા ને વચનથી મોક્ષ છે પરંતુ સંતના ધ્યાનથી મોક્ષ થતો નથી." આ જે ઉત્તરની ચોપાઈ હતી એ

હર્ષદભાઈએ છાપી નહીં. તે ચોપાઈમાં ચોખ્ખું લખ્યું છે :

"दक्ष ताके पुत्र हि केता, नारद के बचन कर एता ।
परम मोक्ष तेहि पावत रहेउ, चित्रकेतु आदिक हि तेउ ।
नारद दासीपुत्र जब भयेउ, संत कि सेवा बचन कर एउ ॥"

આમાં ક્યાંય 'સંતોના ધ્યાનથી મોક્ષ થાય છે' એવું લખ્યું નથી.

(નોંધ : અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા પ્રકાશિત "ભગવાન સ્વામિનારાયણ" ગ્રંથની નવી આવૃત્તિમાં આ ફેરફાર થઈ ચૂક્યો છે.)

આ જ પ્રસંગનો ઉલ્લેખ 'સત્સંગિભૂષણ'માં મળે છે.

नारदाभसतां ध्यानं स्याद्या नेति हरेर्वचः ।
श्रुत्वा यदावदन् किन्न तदोचे श्रीहरिःसतः ॥३/१७/२०॥
मुक्तानन्दमुनेर्ध्यानं कुरुत मुनयः समाः ।
कुर्यान्नेतः स उत्थाय गच्छत्वन्यत्र सत्त्वरम् ॥३/१७/२१॥
कृष्णानन्दो वदत्तर्हि भक्तिधर्मसुतं हरिम् ।
ध्यानं न स्यात् त्वदन्यस्य कस्यचिदिति विद्धि भोः ॥३/१७/२२॥
मुक्तानन्दमुवाचेदं ततः श्रीहरिरीश्वरः ।
साधो ध्यानं न केनापि कृतं ते मुनिसत्तम् ॥३/१७/२५॥
मुक्तानन्दोऽवदच्छ्रीशं मदीयं ध्यानमच्युत ।
न कुर्यात् कोऽपिदेवेश त्वदीयं ध्यानमुत्तमम् ॥३/१७/२६॥
गत्वा तत्र प्रसन्नश्च भूत्वोवाच निजाश्रितान् ।

सच्छिष्याः स्थमदीया नो चलिता वाक्यतो मम ॥३/१७/२८॥
क्वापि कस्यापि वचनात् न चलिष्यथ निश्चतम् ।
मुक्तानन्दमुनेर्ध्यानं परीक्षार्थं मयोदितम् ॥३/१७/२९॥

('સત્સંગિભૂષણ' તૃતીય અંશ અધ્યાય-૧૭)

શ્રીહરિ મહેમદાવાદ પધાર્યા. નગરની બહાર પશ્ચિમ દિશામાં વડને ઝાડે હિંડોળો બાંધ્યો હતો. શ્રીહરિ હિંડોળામાં વિરાજમાન થયા. સાધુ બ્રહ્મચારીઓની સભા થઈ. શ્રીહરિએ સાધુઓને પૂછ્યું, "તમે નારદાદિક સંતોનું ધ્યાન કરો છો ?"

બધા સાંભળી રહ્યાં પણ કાંઈ ઉત્તર ન આપ્યો. ફરીને શ્રીહરિ બોલ્યા, "તમે બધા મુક્તાનંદમુનિનું ધ્યાન કરો અને જે ન કરે તે અમારી પાસેથી ઊઠીને ચાલ્યા જાઓ."

ત્યારે કૃષ્ણાનંદ સ્વામીએ કહ્યું, "હે મહારાજ ! ધ્યાન તો તમારું જ થાય, બીજાનું નહીં." આમ કહી કૃષ્ણાનંદમુનિ ઊઠી દૂર આંબલીનું વૃક્ષ હતું ત્યાં જઈને બેઠા. પછી બીજા સંતો પણ ઊભા થઈ ગયા અને કૃષ્ણાનંદસ્વામી પાસે જઈને બેઠા અને બધા શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા.

શ્રીહરિએ મુક્તમુનિને કહ્યું, "સ્વામી અમે આજ્ઞા કરી છતાં કોઈ સાધુએ તમારું ધ્યાન ન કર્યું."

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા, "હે મહારાજ ! મારું ધ્યાન કોઈ ન કરે. હે શ્રીહરિ ! તમારા સર્વોત્તમ ધ્યાનને છોડીને મારા ધ્યાનની પ્રવૃત્તિ ન જ થાય."

મર્મ ભરેલા મંદમંદ હાસ્ય સાથે શ્રીહરિ કહે, "સ્વામી ચાલો આપણે સંતો પાસે જઈએ." શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને સાથે લઈ સંતો પાસે આવ્યા. શ્રીહરિએ ખૂબ જ પ્રસન્ન થકા સંતોને કહ્યું, "સંતો તમે મારા ઉત્તમ શિષ્યો છો. મારી આજ્ઞાથી પણ તમે ચલાયમાન ન થયા માટે તમે કોઈના વચનથી કોઈ પણ પ્રકારે કોઈ પણ વિષયથી ચલાયમાન નહિ થાઓ.

અમે તમને મુક્તાનંદ સ્વામીનું ધ્યાન કરવા કહ્યું હતું એ તો તમારી પરીક્ષા માટે હતું."

બધા સંતો શ્રીહરિની મધુર વાણી સાંભળી ખૂબ જ પ્રસન્ન થયાં અને શ્રીહરિને પ્રણામ કર્યાં. શ્રીહરિ પાછા હિંડોળામાં વિરાજમાન થયાં. ભક્તો શ્રીહરિને ઝુલાવવા લાગ્યાં


મૂળ શાસ્ત્રોમાં આ રીતે કહ્યું છે, છતાં પણ જે શાસ્ત્રનો મારી મચેડીને અર્થ કરે તેને કોણ પહોંચે ? કોટનું એક બટન ખોટું બીડો એટલે આખા કોટના બટન ખોટા બીડાય. પછી તો જ્યાં અક્ષરબ્રહ્મની વાત આવે ત્યાં મારીમચેડીને 'અક્ષરપુરુષોત્તમ' ઊભું થાય !! જ્યાં સંતની સેવાની વાત આવે ત્યાં તરત જ સંતની ઉપાસનાની વાત આવી જાય, સંતની ઉપાસના શરૂ થઈ જાવ. આવું કરે, તેને કોણ પહોંચે ભાઈ ?!

એ એમને મુબારક... ! એ જે કરતા હશે તે એમની રીતે સારું કરતા હશે. આપણે એમને વંદન કરીએ છીએ. પણ આવું કહેવાનું કારણ એ છે કે આપણા મૂળ સંપ્રદાયમાં પણ સંતમહિમાના

અતિરેકમાંથી સંતોનું ધ્યાન, ભજન, માનસીપૂજા શરૂ ન થઈ જાય અને આપણે તેના મૂંગે મોઢે સ્વીકાર ન કરી લઈએ એવી સાવચેતી માટે આ મેં તમારી આગળ રજૂ કર્યું છે.

આમ, ગુણાતીતાનંદ સ્વામીનું લક્ષ્ય શ્રીજી મહારાજને સર્વાવતારી સમજાવવાનું છે. તો શ્રીજી મહારાજને સર્વાવતારી સમજીએ અને એમના સર્વ અવતારોનો આદર, વંદન અને પૂજન કરીએ. સાથે શ્રીજી સ્થાપિત દેવો નરનારાયણદેવ, રાધારમણદેવ આદિ બધાયનું ખૂબ આદર અને ભક્તિભાવથી સેવન કરીએ. જે સ્વીકૃત દેવતાઓ છે તેમનું પણ પૂર્ણ રીતે પૂજન કરીએ. તેમના જે વ્રતાદિક કહ્યા હોય તે એ પ્રમાણે કરીએ. જાદુ-મંતર, કામણ-ટુમણ, દોરા-ધાગા વગેરેથી દૂર રહીએ અને એવા ક્ષુદ્ર દેવી-દેવતાનો અસ્વીકાર કરીએ. અંતમાં, શ્રીજીચરણોમાં પતિવ્રતાની ભક્તિ પ્રગટે એવી આજના દિવસે રાધારમણ દેવની ગોદમાં, ગુણાતીતાનંદ સ્વામીના ચરણોમાં મારી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના સાથે વિરમું છું.

‘સહજાનંદ સ્વામી મહારાજની જય...’



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર - અમદાવાદ

પ.પૂ. પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના પ્રવચનો

MP3

જીવનપંથ
- **સંત સમાગમ**
- **જીવનનું લક્ષ્ય**
- **તો મોક્ષ થશે**
- **જીવન દ્રષ્ટિ**
- **સેવાધર્મ**

જીવનમંગલ
- **મૃત્યુ ચિંતન**
- **જીવન શિલ્પ**
- **જીવન શા માટે ?**
- **અન્ન તેવું મન**
- **વ્યસનમૂક્તિ**

પંચવર્તમાન
- **દારૂ ન પીવો**
- **માંસ ન ખાવું**
- **ચોરી ન કરવી**
- **વ્યભિચાર ન કરવો**
- **આહારશુદ્ધિ-લગ્નવ્યવસ્થા**

વિદ્યાર્થી પંચલક્ષણમ્
- કાક ચેષ્ટા
- બક ધ્યાનમ્
- શ્વાન નિદ્રા
- અલ્પાહાર
- બ્રહ્મચર્યમ્

જીવન ઘડતર
- **જીવન એક સંગીત**
- **દુઃખ ટાળવાના ઉપાય**
- **સોળ આની સત્સંગ**
- **સત્સંગની ખુમારી**
- **જીવનમાં ઉત્તરાયણ**
- **નટખટ શ્રી કૃષ્ણ**
- **તો હૃદયમાં પ્રભુ વસે**
- **સુગમ કલ્યાણ**

સાયં કથાવાર્તા ભાગ-૧
- **વ્યસન છોડો**
- **હરિસ્મરણ ચૂકી ગયા તો ?**
- **સત્સંગે દુઃખ જાય**
- **બુભુક્ષુ-મુમુક્ષુ**
- **પ્રાર્થના-મહિમા**

સંતવાણી
- **કહાં કહું હરિ કરૂણા તેરી**
- **છાંડી કે શ્રી કૃષ્ણદેવ**
- **હરિજન સાચા રે**
- **ત્યાગ ન ટકે રે**
- **મેરો દરદ ન જાને કોઈ**
- **દર્શન-શ્રવણ**
- **અણમોલ અવસર**

સંતવાણી
- **કહાં કહું હરિ કરૂણા તેરી**
- **છાંડી કે શ્રી કૃષ્ણદેવ**
- **હરિજન સાચા રે**
- **ત્યાગ ન ટકે રે**
- **મેરો દરદ ન જાને કોઈ**
- **દર્શન-શ્રવણ**
- **અણમોલ અવસર**

સાયં કથાવાર્તા ભાગ-૨
- **સત્સંગ મહિમા**
- **સંત ચરણ મહાતીર્થ**
- **ભવસાગર તરવાની કળા**
- **વંદન એવા સંતને**
- **ગુરૂનો સંગાથ**
- **ગુરૂપૂર્ણિમા**
- **શરદોત્સવ**

હાસ્યરસ
- **હાસ્યરસ ભાગ- ૧**
- **હાસ્યરસ ભાગ- ૨**
- **મારી પાસે સમય નથી**
- **વિચારીને ચાર ઉચ્ચાર વાણી**
- **વૈષ્ણવજન તો તેને રે કહીએ**
- **શું આપણે ધાર્મિક છીએ ?**

વ્યસન મૂક્ત જીવન
- **દારૂ ન પીવો (પંચવર્તમાન કૅસેટમાંથી)**
- **વ્યસન મૂક્તિ (જીવનમંગલ કૅસેટ માંથી)**
- **વ્યસન છોડો (સાયં કથાવાર્તા-૧ કૅસેટ માંથી)**

સહજાનંદ સ્વામી એટલે ?
- **સમાજ સુધારક**
- **ધર્મ સુધારક**
- **મહાપુરુષ**
- **સ્વયં નારાયણ**
- **સર્વોપરી શ્રી હરિ (ઉપાસનાનું અમૃત)**
- **નિત્ય પૂજા**

સાચં કથાવાર્તા ભાગ-૩
- **ગુરુ પુર્ણિમા - ૨૦૦૯**
- **ગુરુ પુર્ણિમા - ૨૦૧૦**
- **શાસ્ત્રીજી મહારાજની પુણ્યતિથિ - ૨૦૧૦**
- **પુ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી વંદના - ૨૦૧૦**
- **પુ. જોગી સ્વામી વંદના - ૨૦૦૭**
- **યુવાનને શીખ**
- **યેષાં ન વિદ્યા**
- **સુખ ક્યાં ?**

જીવન પ્રેરણા
- **પૂ. નારાયણ ભગત શ્રદ્ધાંજલિ**
- **જોગીસ્વામી શ્રદ્ધાંજલિ**
- **ગુરૂપૂર્ણિમા - ૨૦૧૧**
- **સ્વામિનારાયણ મંત્ર મહિમા**
- **શાસ્ત્રીજી મહારાજ પુણ્યતિથિ**

વંદુ સહજાનંદ રસરૂપ (ગાન)
- **સાંભળવા માટે (ધીમે)**
- **પાઠ કરવા માટે (ઝડપી)**

વચનામૃત અધ્યયન ભાગ ૧ થી ૨૨
ગઢડા પ્રથમ પ્રકરણના ૧ થી ૭૮ વચનામૃતને આધારે થયેલ ચિંતનાત્મક વિવેચન

વંદુ સહજાનંદ ભાગ ૧ થી ૭
ગોપીનાથ યુવક મંડળની (શુક્રવાર)ની સભામાં પ્રેમાનંદસ્વામી રચિત વંદુ સહજાનંદ પદ ઉપર થયેલ વિશદ વિવેચન

સહજાનંદ ગુરું ભજે સદા
(અષ્ટક વિવેચન) ભાગ ૧ થી ૮
ગોપીનાથ યુવક મંડળ (શુક્રવાર)ની સભામાં દીનાનાથ ભટ્ટ રચિત સહજાનંદગુરું ભજે સદા અષ્ટક ઉપર વિવેચનાત્મક પ્રવચન.

'હરિસ્મૃતિ' ગ્રંથ વિવેચન
ભાગ ૧ થી ૫
ગોપીનાથ યુવક મંડળ (શુક્રવાર)ની સભામાં હરિ સ્મૃતિ-ગ્રંથ ઉપર વિવેચન.

'ભજ ગોવિંદમ્' સ્તોત્ર વિવેચન
ભાગ ૧ થી ૧૫
ગોપીનાથ યુવક મંડળ (શુક્રવાર)ની સભામાં શંકરાચાર્ય રચિત ભજગોવિંદમ્ સ્તોત્રને આધારે થયેલ વિશદ વિવેચન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર - અમદાવાદ

પ.પૂ. પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીના પ્રવચનો

DVD

સત્સંગની ખુમારી
સત્સંગની ખુમારી
સોળ આની સત્સંગ
દુ:ખ ટાળવાના ઉપાય

સંત સમાગમ કીજે
તો મોક્ષ થશે
ગુરુઓનો સંગાથ
સંત સમાગમ કીજે

અન્ન તેવું મન
નિત્ય પૂજા
અન્ન તેવું મન
વ્યસન મુક્તિ

જીવનનું લક્ષ્ય
પિતૃ વંદના
જીવનનું લક્ષ્ય
જીવન એક સંગીત

જીવન દ્રષ્ટિ
સેવા ધર્મ
જીવન દ્રષ્ટિ
વંદન એવા સંતને

પ્રસંગામૃત-૧
ગુરુ પૂર્ણિમા
શરદોત્સવ
જન્માષ્ટમી
રથયાત્રા

પ્રસંગામૃત-૨
ગુરુ પૂર્ણિમા - ૨૦૦૯
ગુરુ પૂર્ણિમા - ૨૦૧૦
પુ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી વંદના-૨૦૧૦

પ્રસંગામૃત-૩
મંત્ર મહિમા
પુ. નારાયણ ભગત શ્રધ્ધાંજલી

પ્રસંગામૃત-૪
પૂ. શાસ્ત્રીજી મહારાજની
પુણ્યતિથિ-૨૦૧૧
ગુરુપૂર્ણિમા ૨૦૧૧
પૂ.જોગી સ્વામીની શ્રદ્ધાંજલિ સભા

વચનામૃત અધ્યયન
ભાગ ૧ થી ૨૭
ગઢડા પ્રથમ પ્રકરણના ૨૫ થી ૭૮ વચનામૃતને આધારે થયેલ ચિંતનાત્મક વિવેચન

'ભજગોવિંદમ્' : સ્તોત્ર વિવેચન
ભાગ ૧ થી ૩૬
ગોપીનાથ યુવક મંડળની સભામાં શંકરાચાર્ય રચિત ભજગોવિંદમ્ સ્તોત્ર ઉપર થયેલ વિશદ વિવેચન

વંદુ સહજાનંદ
ભાગ ૧ થી ૧૮
ગોપીનાથ યુવક મંડળની સભામાં પ્રેમાનંદસ્વામી રચિત વંદુ સહજાનંદ પદ ઉપર થયેલ વિશદ વિવેચન